Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 19 - Issue : 11

August, 2015



स्वागतम्

**આનંદથી આવો. પ્રેમાવેશ સાથે આવો.**
**હૃદયમાં શ્રદ્ધા-વિશ્વાસનું ધન ભરી ભરીને આવો.**
**અમારી પાસે તો ભિખારીની ફાટીતૂટી કંથા પણ નથી.**
**શ્રીભગવાનનું નામ છે. એનો ભંડાર છે.**
**એમાં રહેલું ધન જે આવે ને લૂંટે તેના બાપનું છે.**

**- મોટા**

'જીવન પગરણ', બી. આ., પૃ. ૨૩





બધાં પાપો ખાનગીમાં થતાં હોય છે. જે ક્ષણે આપણને ખાતરી થશે કે ઈશ્વર આપણા વિચારો સુધ્ધાંનો સાક્ષી હોય છે તે જ ક્ષણે આપણે બંધનમુક્ત થઈ જઈશું.

... આપણે જે વિચારોને દુનિયાની નજરથી છુપાવવા માગીએ એવા વિચારો કરવા પણ ન જોઈએ.

- ગાંધીજી

*'શાશ્વત ગાંધી',*
*મે ૨૦૧૫, પ્ર.આ., પૃ. ૨*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૯ અંક : ૧૧ ઑગસ્ટ, ૨૦૧૫

## અનુક્રમ


૧. મને મળેલ સ્વજન મારા પ્રભુ છે ............... શ્રીમોટા ૪

૨. સુલભ માર્ગ ભક્તિનો ............. સ્વામી પ્રકાશાનંદજી ૫

૩. પુજ્ય શ્રીમોટા સાથે હરિજન આશ્રમમાં ............ મોહન પરીખ ૮

૪. કૃતજ્ઞતા ................................... શ્રીમાતાજી ૧૧

૫. પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૨) .... નરહરિ દવે ૧૩

૬. સુખી થવું હોય તો... ......................... શ્રીમોટા ૧૫

૭. અપવ્યય નહિ : શ્રીરમણ મહર્ષિ ............. સુરિનાગમા ૧૬

૮. પ્રાણોપાસના ........................... શ્રીરંગ અવધૂત ૧૮

૯. હું સ્ત્રીને સ્ત્રીનો ધર્મ અને
પુરુષને પુરુષનો ધર્મ બતાવું છું ................. શ્રીમોટા ૨૧

૧૦. સગર્ભાવસ્થા અંગે ............................ શ્રીમોટા ૨૨

૧૧. ઊંડા અંધારેથી... ..................... ઈલાબહેન દેસાઈ ૨૫


### જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના સ્વજન દંપતિ શ્રીમતિ જયશ્રીબહેન યોગેશકુમાર પટેલ અને શ્રી યોગેશકુમાર કાન્તિભાઈ પટેલ રહેવાસી અમદાવાદ તરફથી હરિભાવના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે તે બદલ અમો એ પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ.

**– સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
બચત ખાતા નં.: **૧૯૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯
* Subject to Ahmedabad Jurisdiction

# (૧) મને મળેલ સ્વજન મારા પ્રભુ છે

શ્રીમોટા

**તમારાં બધાંથી મારે દીપવાનું છે, એ બધું જે લખ્યું છે તે હકીકત રૂપે છે.** તમારાં બધાંનો પ્રેમભાવસંબંધ જો શ્રીભગવાને મેળવી આપ્યો ન હોત તો આ જીવથી તો શું બની શક્યું હોત ? કરતાકારવતા તો શ્રીભગવાન છે. તમારાં બધાંના જીવનવિકાસમાં મારા જીવનની સાચી યથાર્થતા રહેલી છે. અને તેમાં જીવનનું ધન્ય થવાપણું રહેલું છે. જીવનવિકાસ થતો જોઈને મારામાં ઉત્સાહ, હૂંફ, ખંત, વેગ વગેરે આવતાં જવાનાં છે એ હકીકત રૂપે છે. તમારા જીવનમાં જેમ જેમ પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન, વિશ્વાસ દઢતર થતાં જશે તેમ તેમ મને તમારા પરત્વે વધારે ને વધારે આકર્ષણ થયા કરવાનું છે.

મારામાં તો કશું નથી. જે કંઈ આવ્યા કરશે તે તમારા થતા જતા વિકાસને અંગે તથા તમારા મળતા જતા સક્રિય સાથને કારણે આ જીવથી જે તે બધું બન્યા કરવાનું છે, કારણ કે સ્વતંત્રપણે તો મારે કંઈ કશું કરવાપણું પ્રભુકૃપાથી રહેલું હોતું નથી. જે તે બધું રીલેટીવલી-સાપેક્ષ રીતે રહ્યા કરે છે. એટલે એના તરફનું જેવું વલણ રહ્યા કરે તેવું વલણ ત્યાં પણ રહ્યા કરે, એટલે તો કહું છું કે તમારા પ્રેમે, હિંમતે, સાહસે, શ્રદ્ધાએ, વિશ્વાસે, ભક્તિએ, જ્ઞાને મારાથી તેમ તેમ વધ્યા કરવાનું બનશે. **હું સંતબંત નથી. કૃપા કરીને મને કશાની ગણતરીમાં ન ગણવો.** જે સંત લોક હોય છે અને જેમનો મને અનુભવ છે, તે આપણા વિશે કદી ગેરસમજૂત કરતા હોતા નથી. આપણે જ એમના વિશે ગેરસમજૂત કરતાં હોઈએ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય એનું ‘સંત’નું લેબલ ન લગાડી શકાય.

*“મને વ્હાલાંઓ તો પ્રભુ તરફની પ્રેમની પ્રેરણા છે,*
*હૃદે વ્હાલાંઓ શા પ્રભુ તરફના ભાવનાં છાંટણાં છે !”*

**પ્રભુકૃપાથી પ્રસાદીરૂપે મળેલાં વહાલાંઓ-સ્વજનો-એ જ મારાં તો પ્રભુ છે.** એમનામાં મનવૃત્તિ રહ્યા કરો, અથવા તેઓના મનમાં આ જીવની પ્રેમ-ભક્તિજ્ઞાનપૂર્વકની સ્મૃતિ હૃદયમાં ભાવભીની સતત રહ્યા કરો એવી તેમનાં પદકમળમાં પ્રાર્થનાઓ છે.

આશીર્વાદ આપવાની શક્તિ તો એ રંગીલાની છે. મારી શક્તિ તો આશીર્વાદ માગવાની કે લેવાની છે. મારી તો માત્ર તમને લળી લળીને એક જ પ્રાર્થના છે કે એને છોડશો નહિ. એને પ્રાર્થના કર્યા જ કરશો. એ બહેરો નથી. એ બધું જ સાંભળે છે. એ કંઈ કવિજનની ખાલી ખાલી કલ્પનાઓ નથી. સત્ય હકીકત છે, પણ એ પ્રાર્થનામાં જ જીવન એકધારું ગળાતું જાય, એ પ્રાર્થનાના ભાવમાં-રસભીના ચિંતવનમાં-જ જે તે બધાં કામો થયા કરે, એટલી અને એવી કૃપા કરજો. જે જે જીવનમાં મળેલાં છે, એમના જીવનમાં રસ, ઉત્સાહ, આનંદ, સાહસ, હિંમત, સહાનુભૂતિ વગેરે બઢ્યા કરે, એવાં મીઠાં મીઠાં પ્રેરણાત્મકપણે સદાય જીવ્યા કરજો !

આ જીવ પર તો ભગવાને ઘણો જ પ્રેમ ઢોળ્યાં કર્યો છે. જીવનના પ્રત્યેક પ્રસંગોમાં એ વહાલાના પ્રેમભાવની ઝાંખી થયા જ કરી છે. પારકાંઓએ મને પોતાનો કરી સ્વીકાર્યો છે, એટલું જ નહિ પણ પોતાના ઘરના જેવો અને કુટુંબના જેવો જ ગણ્યો છે. જ્યાં જ્યાં પ્રેમરસભાવયુક્ત સંબંધ થયો છે, ત્યાં ત્યાં ભગવાને એવી રીતે જ પોતાનો ભાવ રેડ્યા કર્યો છે, એની જ કૃપાથી એ પ્રેમરસભાવનો સદુપયોગ કરી લેવાની કળા પણ એણે જ શીખવી છે.

‘ભગતમાં ભગવાન’, પ્ર.આ., પૃ. ૩૦૪ ❑

# (૨) સુલભ માર્ગ ભક્તિનો

સ્વામી પ્રકાશાનંદજી

આપણા લોકો માટે ભક્તિ શ્રેષ્ઠ છે. ભક્તિ-સૂત્રમાં ભગવાન નારદ મુનિ કહે છે કે, બીજાની અપેક્ષાએ ભક્તિ સુલભ છે. એટલે કર્મયોગ, જ્ઞાનયોગ વગેરેની અપેક્ષાએ ભક્તિને સુલભ કહે છે. કર્મયોગમાં ધનની અપેક્ષા છે અને જ્ઞાનયોગમાં વિદ્યાની અપેક્ષા છે. તેમાં પણ વર્ણાશ્રમની અપેક્ષાએ અધિકારભેદ પણ હોય છે, જેમ કે દ્વિજને વેદનો અધિકાર છે અને સ્ત્રી-શૂદ્રને પુરાણોનો અધિકાર છે. વગેરે જાતજાતના ભેદો રાખેલા છે, પરંતુ ભક્તિમાં તો સર્વ વર્ણાશ્રમીઓને એટલે કે બધાંને અધિકાર છે અને તે સરળ છે.

ભક્તિસૂત્રમાં ભક્તિનું લક્ષણ દર્શાવાયું છે. **ફક્ત પ્રભુ ઉપર પ્રેમ જોડવો તેને ભક્તિ કહે છે.** તે ભક્તિ ગૌણી અને મુખ્યા એમ બે પ્રકારની છે.

### ગૌણી ભક્તિ

સત્ત્વ, રજસ અને તમસના ભેદ વડે ગૌણી ભક્તિ પણ ત્રણ પ્રકારની છે. કોઈને પીડા કરવાની ધારણાથી, પારકો ઉત્કર્ષ નહિ ખમી શકાયાથી, ક્રોધ તથા ભેદદષ્ટિ રાખીને જે મૂર્તિ વગેરેમાં મારી ભક્તિ કરે એ તમોગુણી ભક્ત કહેવાય. વિષયોની, યશની ઇચ્છાથી અથવા ઐશ્વર્યની ઇચ્છાથી ભેદદષ્ટિ રાખીને જે મૂર્તિ વગેરેમાં મારી પૂજા કરે એ રજોગુણી ભક્ત છે. અને પાપના ક્ષય સારું અથવા કર્મનું ફળ અર્પણ કરીને ઈશ્વરને પ્રસન્ન કરવા ભેદદષ્ટિ રાખીને ભક્તિ કરે તે સત્ત્વગુણી ભક્ત કહેવાય છે.

ચાર પ્રકારના શુભ કર્મવાળા મનુષ્યો (ભક્તો) મારું ભજન કરે છે એમ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે. (૧) દુઃખી (૨) જિજ્ઞાસુ (૩) ધનાર્થી અને (૪) જ્ઞાની. તેનાં દષ્ટાંતો આ પ્રકારનાં છે. દ્રૌપદીએ અંતે શ્રીકૃષ્ણ પરમાત્માનું સ્મરણ કર્યું, તે દુઃખી ભક્ત છે. રાજા જનક, ઉદ્ધવ વગેરે આત્મજ્ઞાન માટે પ્રભુનું આરાધન કરે છે. એ જિજ્ઞાસુ છે. સુગ્રીવ, વિભીષણ, ઉપમન્યુ વગેરેએ આ લોક અને પરલોકના ભોગની ઇચ્છાએ આરાધના કરી છે અને છેલ્લે નારદ, પ્રહ્લાદ, શુકદેવ વગેરે જ્ઞાની ભક્તો છે.

શ્રીમદ્ ભાગવતમાં નવ પ્રકારની ભક્તિ વર્ણવી છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસભાવ, સખાભાવ અને આત્મનિવેદન. આ નવ પ્રકારની ભક્તિ ગૌણ કહેવાય છે. ગૌણી ભક્તિને જ અપરા ભક્તિ પણ કહે છે. આ નવ પ્રકારની ગૌણી ભક્તિથી જ સવિકલ્પ સમાધિ અને તે દ્વારા નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થાય છે. નિર્વિકલ્પ સમાધિથી સાક્ષાત્કાર થાય છે. તેને જ મુખ્યાભક્તિ કે પરાભક્તિ પણ કહે છે.

**આજકાલ તો આપણે જે ભક્તિ કરીએ છીએ એ સાચી ભક્તિ નથી.** શ્રવણ-કીર્તનાદિ આઠ તો જોવામાં આવે છે, પરંતુ નવમી આત્મનિવેદન સિવાયની બધી ભક્તિ, ભક્તિના આભાસરૂપ છે, કારણ કે પ્રભુ ઉપર આસ્તિક બુદ્ધિ રહી નથી, આસ્તિક બુદ્ધિ હોય તો

આવતી કાલને માટે ચિંતા કેમ થાય ?

**આસ્તિક બુદ્ધિનું દૃષ્ટાંત : ગીતા પંડ્યા**

કોઈ એક ગામમાં એક બ્રાહ્મણ પંડ્યા રહેતા હતા. તેઓ હંમેશ ગીતાનો પાઠ કરતા એટલે બધા તેમને 'ગીતા પંડ્યા'ના નામથી ઓળખતા હતા. શ્રીકૃષ્ણ પરમાત્માના તેઓ પરમ ભક્ત હતા. અયાચક વૃત્તિ રાખી અનાયાસે જે કાંઈ મળે તેમાંથી કુટુંબનું ભરણપોષણ કરતા.

એક વખત દુષ્કાળ પડ્યો એટલે ગીતા પંડ્યાના કુટુંબને ભરણપોષણ-ગુજરાન માટે મુશ્કેલી પડવા લાગી. કુટુંબનિર્વાહ માટે કંઈક પુરુષાર્થ કરવા તેમનાં પત્ની તેઓને વારંવાર કહેવા લાગ્યાં. પત્ની કહે કે આપણે બ્રાહ્મણ છીએ એટલે ગામમાંથી લોટ માગી લાવીએ તો છોકરાં અને આપણે ભૂખે ન રહીએ.

ગીતા પંડ્યા તેમનાં પત્નીને ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને યોગક્ષેમની જે વાત કરી છે તેના ઉપર શ્રદ્ધા રાખવા કહ્યું. માત્ર શ્રદ્ધા રાખવાથી કાંઈ પેટ ભરાઈ નહિ જાય. એ લખેલું ખોટું છે. એમ કહી પત્નીએ તાડપત્રની ગીતામાં એ શ્લોક ઉપર લેખણથી છેકા માર્યા. ગીતા પંડ્યા બહુ નારાજ થયા. તેઓ ઘેરથી દૂર જઈ એકાંતમાં ગીતાપાઠ કરવા લાગ્યા.

તે દરમિયાન એક જુવાન ગોવાળ એક કાવડમાં  દાળ, ચોખા, ઘી, ઘઉં, સાકર, શાકભાજી વગેરે લઈ ગીતા પંડ્યાને ઘેર આવ્યો. ખૂબ થાક લાગ્યો હોય એમ કાવડ ઊતારી તે નીચે બેસી ગયો. આ બધું કોણે મોકલ્યું છે એવા પ્રશ્નના જવાબમાં ગોવાળે કહ્યું કે એના શેઠે મોકલ્યું છે. પત્ની તો રાજી રાજી થઈ ગઈ અને ગોવાળને કહે કે હું રસોઈ બનાવું છું. તમે જમીને જ જજો, પણ ગોવાળ કહે મારી જીભમાં ત્રણ કાપા પડ્યા છે અને તેમાંથી લોહી નીકળે છે એટલે જમી શકાતું નથી.

ગીતા પંડ્યા સાંજે ઘેર આવ્યા ત્યારે પત્નીએ કહ્યું કે જીભમાં ત્રણ કાપાવાળો ગોવાળ આ બધું આપી ગયો છે. ગીતા પંડ્યા તો તરત જ સમજી ગયા કે શ્રીકૃષ્ણ પરમાત્મા ગોવાળના રૂપમાં સર્વ સામગ્રી આપી ગયા છે.

**ફકીરનું દૃષ્ટાંત**

તપસ્વી શાહસુજાને એક પરમ ધાર્મિક કન્યા હતી. કેરમાનના પાદશાહે આ કન્યાને પરણવાનું માગું મોકલ્યું. શાહસુજાએ એ પાદશાહને તરત જ ના પાડવાના બદલે ત્રણ દિવસ પછી જવાબ આપશે એમ જણાવ્યું.

આ ત્રણ દિવસ સુધી શાહસુજા મસીદે મસીદે ફર્યો. ત્રીજે દિવસે એક ફકીરને અત્યંત ભાવપૂર્વક નમાજ પઢતો જોયો. નમાજ પૂરી થઈ એટલે શાહસૂજાએ એ ફકીરને પૂછ્યું કે તેં નિકાહ કરેલા છે ? ફકીરે કહ્યું મારા જેવા દરિદ્રને કોણ કન્યા આપે. ત્રણ પૈસાથી વધારે મૂડી મારી પાસે નથી. શાહસુજાએ કહ્યું હું મારી પુત્રી તને પરણાવીશ.

અપાર ધનસંપત્તિવાળા કેરમાનના પાદશાહને બદલે ઈશ્વરપ્રેમી, ધ્યાનપરાયણ ગરીબ ફકીરને શાહસુજાએ પોતાની દીકરી પરણાવી. પરણીને ફકીરની ઝૂંપડીએ આવતાં એક ખૂણામાં જળપાત્ર ઉપર સૂકો રોટલાનો ટુકડો જોતાંની સાથે એ કન્યા નિરાશ થઈ અને પિયર જવા તત્પર થઈ.

ફકીરે કહ્યું કે હું પહેલેથી જ જાણતો હતો કે શાહસુજા જેવા ધનાઢ્યની પુત્રી મારા જેવા દરિદ્ર ફકીરની સહચારિણી થઈ શકે નહિ.

યુવતી બોલી, 'તમારી નિર્ધનતા જોઈને હું પિયર નથી જતી, પણ તમારી પ્રભુપરાયણતામાં ન્યૂનતા જોઈને દિલગીર થઈને જાઉં છું. તમે કાલે શું ખાશો એવી ફિકરને લીધે એ ટુકડો સંગ્રહી રાખ્યો છે. એ તમારી કેટલી અનાસ્થા છે ? મારા પિતાએ વીસ વર્ષ સુધી મને ઊછેરીને સમજાવ્યું છે કે જે ઈશ્વર ઉપર પરમ આસ્થાવાળો અને પૂર્ણ વૈરાગ્યવાન હશે તેની સાથે હું તારો વિવાહ કરીશ.

આ સાંભળી ફકીર અત્યંત શરમાઈ ગયો અને એનું કોઈ પ્રાયશ્ચિત્ત છે । એ પૂછતાં યુવતીએ કહ્યું, 'કાં તો આ ઘરમાં આ સૂકા રોટલાનો ટુકડો રહે કાં તો હું રહું.'

ફકીરે તરત જ રોટલાના ટુકડાને ઘરમાંથી બહાર કર્યો.

આવી જ વાત બાઇબલમાં છે.

### ઈસુનો ઉપદેશ

મહાત્મા ઈસુ બાઇબલમાં એક જગ્યાએ કહે છે કે, 'તમારા જીવન માટે કંઈ ફિકર કરશો નહિ, એટલે કે તમે શું ખાશો, શું પીશો, શું પહેરશો વગેરે બાબતની ચિંતા કરવાની જરૂર નથી. **કારણ કે ખાનપાન ને વસ્ત્રાદિક કરતાં જીવનની કિંમત ઘણી વધારે છે.**

આકાશમાં ઊડતાં પક્ષીઓ જુઓ, તેઓ અનાજ વાવતાં નથી, લણતાં નથી કે નથી સંગ્રહ કરતાં. વગડામાં ઊગતાં લીલી નામના પુષ્પો જુઓ તે કેવી રીતે ઊગે છે ? પરમાત્મા વગડાના ઘાસનું પણ રક્ષણ કરે છે. જ્યારે **તમે દુનિયાદારીમાં માણસો હંમેશાં ખાવા-પીવા-પહેરવાની જ ચિંતા કરો છો.**

તમે પહેલાં પ્રભુનું રાજ્ય અને તેની સત્યપ્રિયતા શોધો, એટલે આ બધી વસ્તુઓ આપોઆપ મળી રહેશે. તેથી કાલનો વિચાર કદી ન કરો. આજના ઘણા અનર્થોનો વિચાર આજે કરવાનો છે.

પરમાત્મા અને સંતાન (માયા) એ બંનેને કોઈ પણ એકીસાથે ભજી નહિ શકે. ટૂંકમાં નાસ્તિકો જ કાલનો વિચાર કરે છે.

'વાર્તાલાપ', અગિયારમી આ., પૃ. ૫૫૯ ❑

### સત્સંગ-દર્શનના લાભાર્થે

શ્રી કરશનભાઈ પટેલ, સુરત દ્વારા જણાવાયા પ્રમાણે શ્રી'મ'નામે ખ્યાત સાધુપુરુષ સમાજમાં સમરસતા અને શાંતિ પ્રવર્તે એવી ભાવનાથી પર્યટન કરી રહ્યા છે. ગુજરાતમાં નીચે જણાવ્યા પ્રમાણે તેમના મુકામ હશે :-

**ઑગસ્ટ ૨૦૧૫ :** વાપી (તા.૧૨,૧૩), નવસારી (૧૭), સુરત (૧૯), કામરેજ (૨૦,૨૧), અંકલેશ્વર (૨૩), ભરૂચ (૨૪), વડોદરા (૨૮,૨૯,૩૦).

**સપ્ટેમ્બર ૨૦૧૫ :** આણંદ (૧), નડિયાદ, સંતરામમંદિર (૨), અમદાવાદ શ્રેયસ (૫), ગાંધીઆશ્રમ (૬), વસ્ત્રાલ (૮), ડાકોર (૧૨), ગોધરા (૧૫,૧૬), દાહોદ (૨૦) તે પછી મધ્યપ્રદેશમાં-

વિશેષ જાણકારી માટે શ્રી કરશનભાઈ પટેલનો સંપર્ક કરવો. મો. ૯૮૨૫૧૪૯૫૯૮ **-સં.**

# (૩) પૂજ્ય શ્રીમોટા સાથે હરિજન આશ્રમમાં

**શ્રી મોહન પરીખ**

સાબરમતીનો આશ્રમ દાંડીકૂચ વખતે પૂ. ગાંધીજીએ છોડ્યો અને સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી આશ્રમમાં પાછા ન વળવાનો સંકલ્પ જાહેર કર્યો. આશ્રમનો ત્યાગ કર્યા પછી થોડાંક વર્ષો તેને સાચવનાર પણ કોઈ જ ન રહ્યું. ૧૯૩૬માં હરિજન આશ્રમ બન્યો અને હરિજન સેવાની પ્રવૃત્તિઓ ત્યાં શરૂ થઈ. 'હરિજન સેવક સંઘ' જે પહેલાં અંત્યજ સેવા મંડળ કહેવાતો તેનું પણ મુખ્ય કાર્યાલય આશ્રમમાં આવ્યું. તેના મુખ્ય કાર્યકર્તાઓ તરીકે મુ. પરીક્ષિતભાઈ અને મુ. ચૂનીભાઈ ભક્ત તે વખતે હતા.

મુ. ચૂનીભાઈનાં માતુશ્રી પણ તે વખતે હયાત. આમ તો તેમનું ઘર નડિયાદ અને હરિજનને ઘરમાં આવવા કે અડવા દેવાનું એમને ગમતું નહિ એટલે આશ્રમમાં રહેવા નહિ આવેલાં. જોકે ચૂનીભાઈના મોટા ભાઈ જમનાદાસભાઈ અને ચૂનીભાઈ પોતે નડિયાદમાં ઘેર જ રહીને વર્ષોથી હરિજન સેવાનું કામ કરતાં. તેનો બાએ વિરોધ નહિ કરેલો અને ભાઈઓની પણ ઉદારતા એટલી કે બાએ ગોળી સુધી હરિજનને આવવા જ દેવા જોઈએ, એવું ખોટું દબાણ કરી તેમને સંતાપ્યાં નહિ. ચૂનીભાઈ એકલા જ એટલે તેમના પર બાને પ્રેમ વિશેષ. તેથી પાછળથી પોતે હરિજન આશ્રમમાં આવીને વસ્યાં. એટલે અમને પણ બાનો પ્રેમ માણવાનો મળ્યો. મને યાદ છે કે તેઓ 'ચૂનિયા' કહીને જ સંબોધતા. પણ કોઈ બહારનું હોય ત્યારે ચૂનીલાલ પણ કહેતાં.

નડિયાદ જેવું ગામ અને ન્યાતના રિવાજો એટલે તે અનુસાર ચૂનીભાઈનાં લગ્ન થયેલાં. જોકે તે વખતે પણ એમણે અનિચ્છા બતાવેલી જ કારણ વૈરાગ્યવૃત્તિ તો ત્યારે પણ ખરી જ. લગ્ન થયાં પણ પત્ની આ ઘરમાં પગ મૂકે તે પહેલાં જ ગુજરી ગયાં. આમ ચૂનીભાઈને માટે તો આ ઈષ્ટ આપત્તિ જ થઈ પડી. દીકરીના ગયા પછી પણ ચૂનીભાઈનાં સાસુએ અત્યંત પ્રેમ સદ્ભાવ રાખ્યાં. હરિજન આશ્રમમાં પણ તેઓ આવતા.

હરિજન સેવક સંઘનું કાર્યાલય ચૂનીભાઈ સંભાળતા. પત્રવ્યવહાર, કાગળિયાં, અરજીઓ મોકલવાનું જે કાંઈ હોય તે બધું જ પોતે હાથે કરતા, અને સાંજ પડ્યે હિસાબો પૂરા કરી સિલક ગણવા બેસતા. તેઓ સિલક ગણે ત્યારે હું પણ તેમની પાસે પહોંચી જતો. પરચુરણ ગણવાનું મને બહુ ગમતું. સિલક બરોબર મેળવી લઈ હિસાબ બંધ કરી દેતા. એમનો મનમાં ચાલતો ગણગણાટ સહેજ મોટો થતો. એક બાજુ વપરાયેલા જૂના કાગળ અને કલમ હાથમાં લઈ લખવું શરૂ થતું. 'પાવલે લાગું' અને 'મનને'ની અનેક કડીઓ તે વખતે લખાયેલી. કેટલીયે વાર તેઓના સ્વમુખે મનૈ તેમાંથી સાંભળવા પણ મળેલી. આકર્ષક ઢાળ અને સહેલી ભાષાને કારણે મને તેમાં રસ પડતો. આ વખતે પણ નાડીવાળી ટૂંકી ચડ્ડી અને માથે ટોપી કે ટુવાલ

વીંટેલો રહેતો. શરીર તો મોટે ભાગે ખુલ્લું જ હોય. પહેરણ ન પહેરવાનું કારણ પૂછતાં, તેમણે ‘બોદાલ આશ્રમમાં સાપ કરેડેલો ત્યારથી શરીરમાં અગન બળે છે અને પહેરણ સહન નથી થતું.’ તે જણાવેલું. આ જ કારણે દિવસમાં બે ત્રણ વાર નદીમાં શરીર ઝબકોળી પણ આવતા !

• • •

અમારા ભાઈ (પિતાશ્રી) અવારનવાર કામો અંગે બહારગામ જતા. તે વખતે ચૂનીભાઈ અમારે ત્યાં અચૂક સુવા આવતા, એ એક શિરસ્તો જ થઈ ગયો હતો. આજે વણાટનો ડહેલો છે ત્યાં કન્યા છાત્રાલય હતું. એની નદી બાજુની ઓરડીઓ-આગગાડી જેમ જોડેલી છે. તેમાં અમે રહેતાં. મોટી (બા) છાત્રાલય સંભાળતાં. આજે હરિજન આશ્રમની આજુબાજુ જે વસ્તી થઈ છે અને મકાનો બંધાયાં છે તેમાંનું તે વખતે કશું નહિ. એટલે રાતે બીક જેવું રહેતું. રાતે ઘરમાં બધાં સાથે હોઈએ એટલે અનેક વાતો થતી. પણ તેની વિગતો આજે યાદ નથી. કેટલીકવાર મોટી પણ બહાર ગયાં હોય તો અમે ભાઈબહેનને ચૂનીભાઈ જ સંભાળતા. આમ અમારા કુટુંબના એક વડીલ મુરબ્બી તરીકે એમણે અમારી સંભાળ રાખેલી. તે જ પ્રેમભાવ અને સંબંધ આજે પણ કાયમ છે.

ઑફિસનું પોતાનું કામ સમયસર, અતિશય કર્તવ્યનિષ્ઠા, નિયમિતતા, કરકસર અને ચીવટાઈથી સંભાળતા તે સિવાયના સમયમાં મસ્તીમાં રહેવું એ ચૂનીભાઈનો સ્વાભાવ મૂળથી જ.

શિયાળાના દિવસો હતા. રાતે તેમને એક અદ્ભુત સ્વપ્ન આવ્યું. ‘જાણે કોઈ એક ઊંચી સુંદર એકાંત ટેકરી ઉપર પોતે બેઠા છે અને ત્યાંથી એકદમ ગબડ્યા ને પડ્યા નીચે !’ આંખ ઊઘડી ગઈ ને જુએ તો પડખું ફરાય નહિ. કેડે ટચકિયું આવી ગયેલું ને કેડ ઝલાઈ ગયેલી. અમને ખબર પડતાં સવારે મળવા ગયા ત્યારે એકાંત ટેકરીનું ઘણી રમૂજથી વર્ણન કરે, ને અમે પેટ પકડીને હસીએ. પોતાથી ન હલાય કે હસાય ! આમ લગભગ અઠવાડિયું ખાટલો રહેલો. ‘એકાંત ટેકરી’ એ અમારી વાતોમાં ગમ્મતના શબ્દો બની ગયા હતા.

આશ્રમમાં જૂના બે શિક્ષકનિવાસો છે. રસ્તા પાસેના નિવાસને ‘આગલી ચાલી’ તરીકે સૌ ઓળખે. ચૂનીભાઈ તેમાં રહે. સવારનો પહોર હતો. હું પણ ફરતો ફરતો એ બાજુ જઈ ચડેલો. હસતાં ચહેરે, ઉઘાડે ડીલે, સામેથી ચૂનીભાઈ આવે. અમારી પદ્ધતિએ ‘રામ રામ’ની આલબેલ પોકારી. હું પાસે ગયો. ખબર પડી કે આજે તેમની વર્ષગાંઠ છે. વર્ષગાંઠની કાંઈક ભેટ આપવી જોઈએ. કોણ જાણે કેમ પણ મેં ભોંયથી ધૂળની ચપટી ભરીને કહ્યું કે ‘લો આ ભેટ’. તેમણે હાથ ધર્યો અને બધી ધૂળ તેઓ ફાકી ગયા ! મને કલ્પનાયે નહિ કે તેઓ ધૂળ પણ ફાકી જશે. હું જરાક ઝંખવાયો તો ખરો જ. પણ પછી તરત જ એમની જોડે મુ. લક્ષ્મીબાઈના ઘરમાં મળવા ગયા અને વાત હળવી થઈ ગઈ. આજે પણ એ પ્રસંગ ઘણીવાર યાદ આવે છે. તેઓએ પણ મિત્રોને કહ્યાનું સાંભળ્યું છે.

એકવાર ચૂનીભાઈને બામલી (કાખબિલાડી) થયેલી. મૂળે ઉઘાડે શરીરે તો ફરે જ. તેમાં

એક બાજુ નહિ પણ બંને બગલમાં વારાફરતી મોટી મોટી બામલી નીકળ્યા કરે. તેને ધોવા કરવાનું પોતે જ પતાવે. એકાદ તો દાક્તર પાસે જઈને ચીરાવવી પણ પડેલી એવું યાદ છે. જોકે આવી ત્રાસમય સ્થિતિમાં પણ ઑફિસનું બારણું એક દિવસ મોડું નહોતું ખૂલ્યું તેમજ તેનું ઝાપટ-ઝૂપટ અને કચરો કાઢવાનું પણ બંધ નહોતું. મનની મસ્તીને શરીરનું દુઃખ કેટલું આડે આવી શકે ?

'ભઈલા, તને ગરીબીનો ખ્યાલ નહિ આવે. ગરીબને ભણવા માટે કેવાં ફાંફાં મારવાં પડે છે તે. હું ગરીબ ઘરમાં જન્મ્યો છું ને જે વીતી છે ? તે હું ને મારો ભગવાન જ જાણીએ. તને તેની કલ્પનાએ ક્યાંથી આવે ?' ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યેની તેમની મમતા અને લાગણી હું જોતો ત્યારે આ વાત કાયમ નીકળતી. પોતે ગુજરાત વિદ્યાપીઠમાં ભણવા આવ્યા અને દાખલ થતી વખતે પોતાની પાસે પૈસા ન મળે. તેથી વિદ્યાલયના ઓરડાઓની સફાઈ કરવાનું, ઝાડું કાઢવાનું, ગિદવાણી સાહેબને મળી પોતે સ્વીકારેલું. 'નવજીવન' અમદાવાદથી નીકળતું તે વેચવા પણ જતા. અઠવાડિયે એકવાર પરોઢિયે વહેલા ઊઠીને પ્રેસમાંથી એક રૂપિયાની વીસ નકલો લઈ એક એક આને છાપું વેચતા અને તેમાંથી જે ૮-૧૨ આના મળતા તે ભણતર માટે ઉમેરતા. આ બધી વાતો કરતા ત્યારે તેમનો લાગણીપ્રવાહ વહેતો અને અમે પણ તેમાં તરબોળ થતા.

આજે પાછા આ બધા દિવસો સંભાળી, તાજા કરીને મન ભરાઈ આવે છે. હવે નથી રહ્યાં મોટી કે ભાઈ અને નથી રહ્યું એ હૂંફાળું વાતાવરણ કે બાળપણ, પરીક્ષિતભાઈ કે ડૉ. મંગળદાસ પણ ચાલ્યા ગયા. આશ્રમમાં જાઉં છું ખરો પણ એક મહેમાન તરીકે.

આશ્રમના એ દિવસોમાં મુ. ચૂનીભાઈની જે પ્રેમાળમૂર્તિ જોઈ છે એ આજે પણ એની એ જ રહી છે.

'૧૯૬૮માં પ્રકાશિત 'સ્મૃતિગ્રંથ'માંથી', ❑

**હરિઃૐ**

**જાણ માટે...**

પૂજ્ય શ્રીમોટા પ્રેરિત હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદની સને ૧૯૫૦ના મુંબઈના સાર્વજનિક ટ્રસ્ટો બાબત (સને ૧૯૫૦ના મુંબઈના) ૨૯મા અધિનિયમ અન્વયે અમદાવાદ ખાતેની સાર્વજનિક ટ્રસ્ટ નોંધણી કચેરીમાં યોગ્ય રીતે નોંધવામાં આવ્યું છે. તેનો રજી.નંબર **એફ/૧૮૧૩૧** અમદાવાદ તારીખે ૮-૫-૨૦૧૫ છે (નાયબ ચૅરિટી કમિશ્નર અમદાવાદની કચેરીમાં)

**તેમજ**

સને ૧૮૬૦નો મંડળીઓની નોંધણી બાબત અધિનિયમ સને ૧૮૬૦નો ૨૧મો અધિનિયમ નોંધણી નંબર **ગુજ/૧૮૬૧૭,** અમદાવાદ તારીખ ૮-૫-૨૦૧૫થી મંડળીઓના નોંધણીના આસી. રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં પણ તેની નોંધણી થયેલ છે.

વિશેષ જાણકારી માટે :

સહમંત્રીશ્રી મો. ૯૮૨૫૦૩૮૧૦૧

**-સંપાદક**

## (૪) કૃતજ્ઞતા

શ્રીમાતાજી

*(શ્રીઅરવિંદ સોસાયટી, વડોદરા દ્વારા અગાઉ પ્રકાશિત થતાં 'અર્પણ' સામયિકનું હવે 'પ્રભુ અર્પણ'ના નવા નામે પ્રકાશન થાય છે. જૂન ૨૦૧૫નો અંક 'કૃતજ્ઞતાનો માર્ગ'ને કેંદ્રમાં રાખી પૂજ્ય માતાજીના જે વિચારો તેમાં નોંધાયા છે તેમાંથી કેટલાંક સંકલિત અંશ અત્રે લેવાયા છે. -સં.)*

(૧)

મનુષ્યના મને જ્યારે મનુષ્યનાં પ્રથમ આવિર્ભાવ કર્યો ત્યારે એણે એની પ્રાથમિક સ્વરૂપની ક્રિયાને લઈને, એ અગાઉ જે અતિ ઘણી સુંદર વસ્તુઓ હતી તેને બગાડી મૂકી છે. કુદરતી રીતે જો મનુષ્ય પોતે ઉચ્ચતર કક્ષામાં આરોહણ કરીને પોતાની બુદ્ધિનો સદુપયોગ કરે તો એને લઈને વસ્તુઓની ગુણવત્તામાં વધારો થાય. પરંતુ વચગાળાની એક એવી અવસ્થા છે કે જેમાં મનુષ્ય પોતાની બુદ્ધિનો ઉપયોગ તદ્દન હલકટ અને કુત્સિત રીતનો કરે છે. બુદ્ધિનો ઉપયોગ એ ગણતરીઓ માંડવા માટે, બીજા ઉપર આધિપત્ય જમાવવા માટે અને છેતરવા માટે કરે છે.

(૨)

કોઈ પણ પ્રકારની ગણતરી વિહોણી નિઃસ્વાર્થ મનોવૃત્તિ એ આ જગતમાં ચૈતસિક ચેતનાનું એક અત્યંત સુંદર સ્વરૂપ છે. પરંતુ જેમ જેમ મનુષ્યમાં મનોમય ક્રિયાશીલતા વધતી જાય છે, તેમ તેમ એવી વૃત્તિ નહિવત્ બનતી જાય છે, કારણ કે બુદ્ધિના આગમન સાથે બધી રીતની કામગીરી, ચાલાકી, ભ્રષ્ટાચાર અને ગણતરીબાજી પણ આવે છે.

(૩)

'કરુણા' અને 'કૃતજ્ઞતા' તત્ત્વાર્થે આધ્યાત્મિક સદ્‌ગુણો છે. જ્યારે 'આત્મા' યા 'ચૈત્યપુરુષ' જીવનમાં સક્રિય ભાગ લેવા માંડે છે ત્યારે જ ચેતનામાં આ ગુણો પ્રગટે છે.

(૪)

પ્રત્યેક પ્રભાતે તમે જ્યારે જાગો ત્યારે દિવસની શરૂઆત કરતાં પહેલાં માનવજાતિના ઉદ્ધારકોની તથા તેમના આ મહાન કુટુંબની પ્રેમ, પ્રશંસા અને કૃતજ્ઞતાપૂર્વક જય બોલાવો.

(૫)

જો આપણે મનુષ્યનું જીવન, તેનું કર્મ અને તેનું હૃદય-જેવાં છે તેવાં જોઈને વિચારીએ તો, જે દિવ્ય કૃપા જગત ઉપર અનહદ પ્રેમ વરસાવતી રહી છે, તેના બદલામાં જે વેર, તિરસ્કાર અથવા તો સૌથી વધુ ઉદાસીનતા અર્પવામાં આવે છે, તે જોઈને આપણને આશ્ચર્ય પામ્યા વિના છૂટકો નથી થતો.

(૬)

...જ્યાં સુધી કોઈ ભય આવી ન પડે ત્યાં સુધી લોકોને પ્રભુકૃપાના કાર્યનો ખ્યાલ આવતો નથી. એ વસ્તુ તેઓને તદ્દન સ્વાભાવિક લાગે છે. જ્યારે લોકો માંદા પડે છે પણ જલદીથી સાજા થઈ જાય છે ત્યારે પ્રભુનો આભાર માનવાનો વિચાર તેઓ સેવે છે. પરંતુ જ્યારે સાજાસમા હોય છે ત્યારે તેમનામાં કૃતજ્ઞ રહેવાનો ભાવ જાગતો નથી.

(૭)

પ્રભુકૃપાનો કૃતજ્ઞતાથી સ્વીકાર કરવા માટે તમારામાં એક પ્રકારની નમ્રતા હોવી જોઈએ, જે તમને તમારી નિર્બળતા વિશે સભાન બનાવે કે, ખરેખર પ્રભુકૃપા વગર તમે અપૂર્ણ અને શક્તિહીન છો. પ્રથમ આ વસ્તુથી શરૂઆત કરવી જોઈએ... તમે પોતે શક્તિવિહોણા છો એવું ભાન જ્યારે તમે અનુભવો છો ત્યારે જ તમે થોડા ખુલ્લા અને નમનીય બનવાની શરૂઆત કરો છો. તમારી પોતાની કુશળતા અને શક્તિ ઉપર તમે આધાર રાખો છો ત્યારે તમે પોતાની શક્તિથી જ સંતોષ અનુભવો છો. પણ એ સમયે પ્રભુકૃપા માટેનાં દ્વાર તમે બંધ કરો છો.

(૮)

માનવજાતિની પ્રગતિમાં ઉપકારક થતાં બધાં શાસ્ત્રોમાં હંમેશાં જણાવવામાં આવ્યું છે કે તમારી ભૂલો બતાવે તેવા સૌ પ્રત્યે તમારે ખૂબ કૃતજ્ઞ થવું જોઈએ. તમને તમારો દોષ બતાવવામાં આવે એ જાણે કે ખજાનો ખુલ્લો કર્યો એમ સમજવું. તમારામાં રહેલાં દોષ, અશક્તિ, સમજનો અભાવ, દુર્બળતા, સચ્ચાઈનો અભાવ-એમાંથી જે કાંઈ તમારી નજર પર તરી આવે ત્યારે જાણે કે કોઈ આશ્ચર્યકારક ખજાનો ખૂલ્યો હોય એમ સમજવું. કારણ કે તમારી પ્રગતિને રોકનારી ઘણી વસ્તુઓમાંની એક તમારી પકડમાં આવી ગઈ એમ સમજવું.

(૯)

કૃતજ્ઞતા વિનાની ભક્તિ અધૂરી છે. તમારામાં ભક્તિ હોય પણ સાથે-સાથે અહંતા પણ હોય તો તે અહંતા તમારી પાસે અનેક અહંતામય કૃત્યો કરાવે. તમે માત્ર તમારો જ વિચાર કરો, બીજાઓનો નહિ, જગતનો નહિ, કાર્યનો નહિ. તમે માત્ર તમારી ભક્તિનો જ વિચાર કર્યા કરો અને તમે ભયંકર રીતે અહંતાપૂર્ણ બની જાઓ. એટલે તમે આશા રાખી હોય તેટલા ઉત્સાહપૂર્વક ભગવાન તમારી ભક્તિનો પ્રત્યુત્તર નથી આપતા-એમ તમને લાગે ત્યારે તમે નિરુત્સાહ, નિરાશ બની જાઓ અને ભગવાનને તમે ક્રૂર માનવા લાગો.

(૧૦)

ભક્તિની સાથે કૃતજ્ઞતાની લાગણી સતત રહેવી જોઈએ. 'ભગવાનનું અસ્તિત્વ છે' એ અદ્‌ભુત આભારવશતા તમને ઉચ્ચ આનંદથી સભર ભરી દે છે. કૃતજ્ઞતાની લાગણી જ આનંદ આપે છે એવો આનંદ બીજી કોઈ ચીજ આપી શકે તેમ નથી. મને તો એમ જણાયું છે કે કૃતજ્ઞતા વગરની ભક્તિ અપૂર્ણ જ છે.

(૧૧)

આપણી અંદર રહેલી સર્વ અહંકારની લાગણીને દૂર કરી રૂપાંતર માટે સતત પ્રયત્ન કરવો જોઈએ. 'અન્ય લોકનું રૂપાંતર થતું નથી' એવો વિચાર-દુર્ભાવના આપણે રાખવાની નથી. કારણ કે પ્રત્યેક વ્યક્તિની ફરજ એ છે કે તે પોતાનું રૂપાંતર સિદ્ધ કરવા પ્રયત્ન કરે. બીજાઓ શું કરે છે તે આપણે જોવાનું નથી. માણસોને જો આ સમજ પ્રાપ્ત થઈ જાય કે આ રૂપાંતર અહંકારનો વિનાશ એ જ માત્ર સતત આનંદ અને શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ છે, તો એ લોકો રૂપાંતર માટે જરૂર પ્રયત્ન કરશે.

'પ્રભુ-અર્પણ', જૂન ૨૦૧૫ ❑

# (૫) પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૨)

નરહરિ દવે

(ગતાંકના અનુસંધાને...)

ભાઈશંકરના અકાળ અવસાન બાદ પત્ની લલિતાદેવીએ વ્યથાને વિસારે પાડવા સંત સાધુઓના કથાકીર્તનમાં જવાનું અને સાથે બાલકૃષ્ણને પણ લઈ જવાનું રાખ્યું. સાસુ પાર્વતિમાની સેવા પણ દિલ દઈને કરતા હતાં.

બાલકૃષ્ણને નાનપણથી જ કથારસની લગની લાગી હતી. એક વાર ધંધુકામાં રામકથા બેઠી હતી. કથાકાર તુલસીદાસની ચોપાઈઓ મીઠી લહકે લલકારતા હતા. નાનકડા બાલકૃષ્ણને એમાં સૂર પુરાવવાનું મન થઈ જતું. ચોપાઈ ગાનને અંતે બાલકૃષ્ણના મુખમાંથી મોટેથી પંક્તિઓ નીકળી પડતી :-

**સિયાવર રામચંદ્ર કી જય, પવન સુત હનુમાન કી જય બોલો ભાઈ સબ સંતનકી જય.**

આવા રોજેરોજના જયનાદને કારણે કથાકારની આંખમાં બાલકૃષ્ણ વસી ગયો અને એક વખત એને પ્રેમથી ઊંચકી લઈ વ્યાસપીઠ ઉપર બેસાડી દીધો. બાલકૃષ્ણને કોઈ સભાક્ષોભ ન થયો. કથાકારની ચોપાઈઓની અંતિમ પંક્તિઓની પૂર્તિ પણ આ બાળકે કરવા માંડી. પરિણામે ધંધુકાના કીર્તનપ્રેમીઓ એની પાસે 'સિયાવર રામચંદ્રકી જય'ની ધૂન ગવરાવવા લાગ્યા. ક્યારેક કથાકારને આવવાની વાર હોય તો બાલકૃષ્ણ મસ્તીભરી રામધૂનમાં શ્રોતાઓને તલ્લીન કરી દેતો.

ધૂનની સાથે તાલ હોય તો વિશેષ આનંદ આવે એવા ભાવથી કરતાલના સ્થાને બે ઠીકરાંને ઘસીને બંધબેસતાં થાય એવાં બનાવ્યાં. એને કારણે રામધૂનની રંગત જામવા લાગી. ધીમે ધીમે બાળધૂન મંડળીનો નાયક બાલકૃષ્ણ બન્યો. બાલ્યાવસ્થાથી ભક્તિમાં લીન થતાં પુત્રને જોઈને મા લલિતાદેવી ખૂબ ખુશી થવા લાગ્યાં.

બાલકૃષ્ણને રામધૂનનું વ્યસન પડી ગયું. એક વખત ઘરના મેડા ઉપર ભાવપૂર્વક ધૂન ગાવામાં બંધ નેત્રે તલ્લીન થઈ ગયેલો બાલકૃષ્ણ સળિયા વિનાની બારીમાંથી નીચે જમીન ઉપર પછડાઈ પડવાની અણી ઉપર હતો બરોબર એ જ સમયે માને કંઈક કામ પડતાં મેડા ઉપર આવતાં આ દૃશ્ય નજરે પડ્યું. દબાતે પગલે નજીક જઈને માએ બાળકને તેડી તો લીધો પણ જ્યારે કહ્યું કે બારીમાંથી નીચે પડી જાત તો મરણનો ભય હતો ત્યારે બાલકૃષ્ણનો જવાબ હતો કે રામધૂન કરતાં મૃત્યુ આવે તો એ તો જીવનનો એક અણમોલ લ્હાવો ગણાય. હજાર હાથવાળો હરિ રક્ષણ કરતો હોય છે. લોકો તો માત્ર મોઢેથી વાતો કરે છે પણ એ વાતોને વર્તનમાં મૂકતા નથી. **વર્તન વિનાની વાતો બધી નકામી છે.**

ધંધુકાના મોઢવણિકના મોઢવાડાની પાડોશમાં જ પાર્વતિમા, લલિતાદેવી અને નાનો બાલકૃષ્ણ રહેતા હતા. એટલે આજબાજુના વાતાવરણના કારણે સૌ કૃષ્ણભક્ત બની ગયાં હતા. અને વડીલોનું ચીંધેલું કામકાજ ટાંપાંટૈયાં બાલકૃષ્ણ હરખથી કરતો હતો એટલે સૌને પ્રિય થઈ પડ્યો હતો.

વૈષ્ણવો તરફથી મીઠો પ્રસાદ, મગજની લાડુડી મળતી હતી એટલે ગળ્યું ખાવાની આદતે એક વખત પાણિયારે માએ મૂકેલો ઢબૂ ચોરીને બાલકૃષ્ણે પેંડો ખાવાની ઈચ્છા પૂરી કરી હતી. પણ ચોરીની કબૂલાત પણ એટલી જ નિખાલસતાથી કરી દીધી હતી. માએ ચોરી નહિ કરવાનો નીતિનો પાઠ આ નિમિત્તે બાલકૃષ્ણને ભણાવ્યો હતો જે બાલમાનસમાં વજ્રલેપ જેવો થઈ ગયો હતો.

દીકરા ભાઈશંકરના દેહાંતના કારણે મા પાર્વતીના અંતરને અસહ્ય આઘાત લાગ્યો હતો. અંદરથી એ ભાંગી પડ્યા હતાં પણ પુત્રવધૂ લલિતા અને પૌત્ર બાલકૃષ્ણને વિશેષ દુઃખ ન થાય એટલે મનોવેદના બહાર દેખાવા દેતા નહિ. એક દિવસ ઓચિંતા જ એ બિમાર પડી ગયાં અંતકાળે પુત્રવધૂને હૈયાધારણ આપી કે બીજાં બધાં સગાંસંબંધી વખત આવ્યે ખસી જશે પણ શામળિયો સદાકાળનો સાથીદાર છે. પાર્વતીમાના દેહાંત પછી લલિતાદેવી કેટલાક સમય સુધી બહાવરાં બહાવરાં બની ગયા હતા. સાસુમાના સથવારે કરકસરથી જીવન પસાર કરતાં હતા. બાજરડા ગામમાં ત્રણચાર વિઘા જમીન હતી. એમાંથી વરસે દશ-પંદર મણ દાણા આવતા હતા. **પણ એટલાથી કંઈ ઘરખર્ચ નીકળે નહિ એટલે લલિતાદેવીએ આડોશ-પાડોશના દળણાં દળી આપવાનું શરૂ કરી દીધું.**

વહેલી પરોઢે જગત મીઠી નિંદર માણતું હોય ત્યારે ઘંટીનો અવાજ મીઠો મધુરો લાગતો. ક્યારેક હાથમાં છાલાં પડી જતા. બાલકૃષ્ણને માથે હાથ ફેરવી મા કહેતી કે આ તો અન્નપૂર્ણા મૈયાની સાધના છે. એની સહાયે બે ટંક ધાનભેગાં થવાય છે. બાલકૃષ્ણને માની દયા આવતી અને પોતાના ઉપર તિરસ્કાર છૂટતો કે હું માને કોઈ જ કામમાં આવી શકતો નથી. ઘરખર્ચને પહોંચી વળવા મા લલિતાએ આડોશી-પાડોશીઓના કપડાં ધોવાનું કામ પણ શરૂ કર્યું. તે પછી કપાસનાં કાલાં ફોલવાનું કામ માએ સ્વીકારી લીધું. નિશાળેથી આવીને બાલકૃષ્ણે કાલાં ફોલવાના કામમાં માતાને મદદ કરવા માંડી પોતે કંઈક ઉપયોગી થઈ શક્યો છે એનો એ બાળકને આનંદ હતો.

## જોશીની આગાહી

એક રવિવારના દિવસે મા-દીકરો કાલાં ફોલી રહ્યાં હતા. એ સમયે એક જોશી મહારાજ આંગણે આવી ઊભા રહ્યા. બાલકૃષ્ણના મુખારવિંદને જોશી મહારાજ એકીટશે જોઈ રહ્યા હતા. પહેલાં તો માને ચિંતા થઈ પણ જ્યારે જાણ્યું કે આગંતુક જ્યોતિષ જાણે છે એટલે આસન આપી બેસાડ્યા અને દીકરાનું ભવિષ્ય જોઈ આપવા વિનંતી કરી. જોશીએ સામુદ્રિક ચિહ્નો જોઈને જ એ કોઈ મહાપુરુષ થશે એમ તો કહ્યું પણ જન્મ તારીખ-સમય (સંવત ૧૯૬૪ વૈશાખ વદી બીજ રાત્રે અઢી વાગે) જાણી કુંડળી બનાવી. જોશીના મુખારવિંદ ઉપર ચિંતાની રેખાઓ જોઈ મા ચિંતામાં પડી. અંતે જોશીએ ભવિષ્ય ભાખ્યું કે આ બાળકને નવમા વર્ષે મોટી ઘાત છે. તેમાંથી બચી જશે તો વન વટાઈ જઈ કંઈકના જીવનપથનો ભોમિયો

**(અનુસંધાન પૃ. ૨૦ પર)**

## (૬) સુખી થવું હોય તો...

શ્રીમોટા

અમે કહીએ છીએ કે સંસારમાં દુઃખ તો આવવાનું જ. એને મિથ્યા કરી શકીએ તેમ નથી. એટલે સંસારમાં દુઃખ, ક્લેશ, સંતાપ, ભય વગેરે તો રહેવાનાં જ. એનાથી હતાશ ન થઈ જઈએ. મક્કમ રહીએ. ભાંગી ન પડીએ. આમ થાય તો પછી એના વિશે અફસોસ ન કરતાં ટટાર રહી શકીએ. એને નિર્મૂળ કરી શકીએ એમ નથી, તો એનો ઉકેલ કરવો અને એનો ઉપાય એવો શોધવો કે આ બધું હોવા છતાં શાંતિવાળા, પ્રસન્નતાવાળા રહી શકીએ. એના ઉપર તરતા રહી શકીએ એવું સાધન અનુભવીઓએ શોધી કાઢ્યું કે આ બધું થાય છે તે શેને લીધે ? તો મનને લીધે.

**મન, ચાર વસ્તુ સાથે સંકળાયેલ છે : બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ સાથે.**

આપણે જે બધું માનીએ-ઇચ્છીએ અને તેવી જ કલ્પના વગેરે કરીએ છીએ, તે પ્રમાણે ન બને તો દુઃખ થાય. એટલે મન સ્વતંત્ર નથી. મનની જે બધી ઈચ્છાઓ હોય તે ન ફળે એટલે આવું થાય.

મન પ્રાણ સાથે સંકળાયેલું છે અને પ્રાણમાં આશા, તૃષ્ણા, કામના, લોલુપતા વગેરે ઉદ્ભવે છે અને તે ધાર્યું ન થાય એટલે મનને દુઃખ થાય.

પછી બુદ્ધિને થાય કે આમ કર્યું હોત, તેમ કર્યું હોત તો સારું થાત. એટલે બુદ્ધિ સાચો નિર્ણય કરે નહિ અને અહમ્ એમાં જોડાય ને એમાં એ રીતે ગતિ કરાવે. જેમ વીજળી હોય અને ઍંજિન હોય પણ ઍંજિન ચલાવવા માટે વીજળીનો ધક્કો જોઈએ. તેમ અહમ્‌નો ધક્કો બધી વૃત્તિ અને પ્રવૃત્તિમાં હોય છે.

ચિત્તમાં તો સંસ્કાર જ પડે છે. દરેક જાતના સંસ્કાર પડે છે. એ તિજોરી છે. એમાં બધું એકઠું થયા કરે. બધું ભરાયા કરે. એ ખાલી થતું નથી અને સમય પાકે તેવા સંસ્કાર ઊગે. આમ, બધું ચાલ્યા જ કરે છે.

સંસાર વહેવારમાં દુઃખ તો જરૂર આવવાનું છે. ફલાણાએ આમ કર્યું, તેમ કર્યું એવું બધું આપણામાં પ્રગટે ત્યારે તેનો હેતુ વિચારવો, પણ **સામો માણસ વર્તે એ રીતે જ આપણે વર્તવાનું ન રખાય.** આમ વર્તતાં ભાવના પણ જ્વાળામુખી જેવી થવાની છે. એ સાથે ભગવાનનું નામ અને સત્સંગ ચાલુ રાખવાં. **આપણે ભાવનાથી વર્તીશું તો સામો માણસ પણ ભાવનાથી વર્તશે એમ બનવાનું નથી. બીજા માણસો તો પોતપોતાની ભાવના પ્રમાણે વર્તવાના.**

એટલે **આપણે જો સુખી થવું હોય તો એ બધું પ્રેમથી સહન કરવું.** આપણે પોતે આ રીતે જ સુખી કે દુઃખી થઈએ છીએ. કોઈ ફરિયાદ કરે કે મારે જ સહન કરવાનું આવે ત્યારે આપણે આપણા મનને સમજાવવું કે આ તો કર્મ-પ્રારબ્ધ છે.

સમાજ અનેક વ્યક્તિઓથી બનેલો છે. એટલે એકબીજાને એકબીજા માટે ત્યાગ કરવો જ પડે. ત્યાગથી જીવન ઉન્નત થાય છે. જો પ્રેમથી ત્યાગ કરીએ તો જીવન ઊંચે ચઢે, પણ બળેબળે ત્યાગ કરીએ તો આપણને એનાથી જે શક્તિ મળવી જોઈએ તે મળતી નથી. ત્યાગ કરવાનો આવે ત્યારે જેના દિલમાં પ્રેમનો ઉમળકો પ્રગટે તેનું જીવન ધન્ય છે. બળેબળે સહન કરીશું તો જીવદશામાં વધારે ને વધારે રહીશું અને દુઃખી દુઃખી થઈ જવાના અને ઊલટા ખાડામાં પડવાના.

**બીજાના વિશે વિચાર્યા કરીશું તો જાણી જોઈને દુઃખી થઈશું, કારણ કે સતત વિચારની સાંકળથી એના સંસ્કાર પડવાના.**

'પ્રભુની ખોજ', ચોથી આ., પૃ. ૩૫ ❏

## (૭) અપવ્યય નહિ : શ્રીરમણ મહર્ષિ

સુરિનાગમા

ભગવાન-શ્રીરમણ મહર્ષિએ હમણાં કેટલાંક પદ્ય લખ્યાં પણ તે રદ્દી કાગળની નાની ચબરખીઓ ઉપર લખેલાં, જેમાં શ્યાહી ફેલાતી હતી. એટલે મેં ભગવાનને કહ્યું કે 'આ બધું એક નોંધપોથીમાં (સારા કાગળ ઉપર) લખાય તો બહુ સારું.'

**ભગવાનના અક્ષર ખૂબ સુંદર મોતીની માળા જેવા હતા.** એટલે ઑફિસમાંથી એક સરસ કાગળ લઈ આવી અને કહ્યું કે હવેથી આના ઉપર લખશો જેથી નોંધપોથીમાં ચોટાડી શકાય, પરંતુ તેઓશ્રીએ મને પૂછ્યું કે આ કાગળો ક્યાંથી લાવ્યાં ? તેઓએ જ્યારે જાણ્યું કે ઑફિસમાંથી કાગળો આવ્યા છે ત્યારે કહે કે આવા સારા કાગળની જરૂર નથી. **'હું તો છાપાંમાંથી કાપલી કાપી લઈશ અને સાચવીને એના ઉપર જે લખવું હશે તે લખીશ.** મારે આવા સારા કાગળની શી જરૂર છે ?'

સવારના નવ વાગ્યાનો સમય હતો. ભગવાન છાપું વાંચતા હતા. એમને તેમાં ક્યાંક ચારેક ઇંચ જેટલી કોરી જગ્યા દેખાઈ. એ સરખી રીતે વાળીને પછી એમણે કાપલી કાપી લીધી અને મારી સામે જોઈને મલકાયા, પણ શા માટે તે હું સમજી શકી નહિ. પછી એ ચબરખીને સરસ ઘડી કરીને એમણે અભરાઈ ઉપર મૂકી અને મને કહ્યું, 'જુઓ આ કાગળ હું મારા લખાણ માટે વાપરીશ. એ સિવાય મને કાગળ ક્યાંથી મળે ? લેવા ક્યાં જવો ? મારા લખાણ માટે એ પૂરતો છે.'

મેં કહ્યું, 'આ તો અમને પાઠ ભણાવવા માટે. ભગવાન અમને નિત નવા પાઠ ભણાવતા હોય છે. પણ અમે ભણતા નથી.' ભગવાન સહેજ મલકાયા પણ મૌન રહ્યા.

ક્યારેક ટપાલમાં કોઈ ચોપડી આવી હોય તો એના ઉપરના પૅકિંગનો કવરનો કાગળ કાઢી એને સરસ ગડી કરીને ભગવાન પરિચારકને આપે અને કહે, 'આ સાચવીને મૂકી રાખજો. આપણે કોઈ બીજી ચોપડીનું પૂઠું ચડાવવામાં આને વાપરીશું. આપણને આવો કાગળ ક્યાંથી મળવાનો છે ? આ તો આવી મળેલો ચોખ્ખો ફાયદો છે.'

બહારથી આવેલા પત્રોને ભગવાન પાસે વાંચવા માટે લાવે, એમાંથી ઘણા પત્રોમાં ઑફિસવાળાઓએ અડધા ભાગમાં નોંધ કરી હોય અને અડધી જગ્યા ખાલી હોય, તો એવા વણવપરાયેલ ભાગને કાપીને ભગવાન રાખી લે કે પછી કાગળમાં પિન હોય તો પત્ર વાંચ્યા પછી પિન કાઢીને પરિચારકના હાથમાં આપે ને કહે કે 'આ આપણે જરૂર પડ્યે કામ આવશે. અમસ્તી કચરામાં ફેંકાઈ જશે, આપણે ક્યાંથી મેળવીશું ? ખરીદવી પડે તો પૈસા ક્યાં છે ?'

ટેકરી ઉપર રહેતા ત્યારે ભગવાન નારિયેળના કાચલામાંથી વાટકા, ચમચા અને કડછી પોતાને હાથે બનાવતા. **કોઈ સંતરાં લાવે તો છાલ ફેંકી ન દેતાં, એમાંથી ચટણી અને અથાણાં બનાવાય છે.** એ ઉપરાંત જમતી વખતે એક કોળિયો પણ ફેંકવામાં કે છાંડવામાં નથી આવતો. આ રીતે પોતાના જ ઉદાહરણથી આપણને ભગવાન શીખવે છે કે એક પણ ઉપયોગી વસ્તુનો અપવ્યય ન થવો જોઈએ.

'પત્રો-સંસ્મરણો, શ્રીરમણાશ્રમ', પ્ર.આ., પૃ. ૧૫૭ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી જયશ્રીબહેન યોગેશકુમાર પટેલ અને | અમદાવાદ | ૨૬,૦૦૦/- |
| | શ્રી યોગેશકુમાર કાન્તિલાલ પટેલ એક સંકલ્પ નિમિત્તે જ્ઞાનદાન | અમદાવાદ | ૨૫,૦૦૦/- |
| ૨. | સદ્‌ગત ભાણેજ ઉપેન્દ્રભાઈ પુનમભાઈ પટેલના દેહાંત (તા.૨૩-૭-'૧૫) નિમિત્તે હસ્તે રામભાઈ પી. પટેલ પરિવાર | પલાણા/અમેરિકા | ૧૧,૦૦૦/- |
| ૩. | ભાદરણના પરમ પૂજ્ય શ્રી કૃષ્ણાનંદજીની નિર્વાણ તિથી અને જન્મતિથી નિમિત્તે હસ્તે એક સ્વજન | વડોદરા | ૫,૦૦૧/- |
| ૪. | સ્વ. મંગુભાઈ ચતુરભાઈ પટેલની દિકરી સદ્‌ગત કુ. મણીબહેનના સ્મરણાર્થે હસ્તે પરિવારના એક સભ્ય | નડિયાદ | ૧,૧૧૧/- |
| ૫. | ધર્મપત્ની કાજલબહેનના જન્મદિન (૧૭/૬) નિમિત્તે હસ્તે મુકેશભાઈ ઘેવરીયા | સુરત | ૧,૧૦૧/- |
| ૬. | સુનિલ રમેશભાઈ દેસાઈ - એક કાર્ય સંપન્ન થયા નિમિત્તે | સુરત | ૧,૦૦૧/- |
| ૭. | સદ્‌ગત જીવનસાથી કિરીટભાઈ બાબુભાઈ તમાકુવાળાના ૬૩મા જન્મદિન (૭-૮-'૫૩) નિમિત્તે હસ્તે તરુબહેન | સુરત | ૧,૦૦૧/- |
| ૮. | રસિકલાલ જે. કાપડીયા | મુંબઈ | ૧,૦૦૦/- |
| ૯. | નવનીતભાઈ નારણભાઈ પટેલ | નરોડા | ૧,૦૦૦/- |
| ૧૦. | સદ્‌ગત માતુશ્રી શાન્તાબહેનની પુણ્યસ્મૃતિમાં હસ્તે ચીમનલાલ બેચરદાસ પટેલ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | પંકજભાઈ એન. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૧૨. | વી. આર. ભટ્ટ | મુંબઈ | ૫૦૧/- |
| ૧૩. | હરિશભાઈ રેડીયાવાલા | સુરત | ૫૦૧/- |
| ૧૪. | હિનાબહેન જનકભાઈ પટેલ | સુરત | ૫૦૧/- |
| ૧૫. | ફાલ્ગુની યોગેશભાઈ પટેલ | સુરત | ૫૦૧/- |
| ૧૬. | હરીશભાઈ બાલુભાઈ પટેલ | પાલ-સુરત | ૫૦૧/- |
| ૧૭. | સદ્‌ગત માતુશ્રી લલિતાબહેનની પુણ્યતિથી નિમિત્તે હસ્તે દીપકભાઈ બાબુભાઈ ગોળવાળા | સુરત | ૫૦૧/- |
| ૧૮. | વસંતભાઈ નંદુભાઈ પટેલ | નરોડા | ૫૦૦/- |
| ૧૯. | ડૉ. હર્ષદ જી. વૈદ્ય તથા ડૉ નિવેદિતા વૈદ્ય | સુરત | ૫૦૦/- |
| ૨૦. | ઉષાબહેન કિશોરભાઈ પટેલ | સુરત | ૩૦૧/- |
| ૨૧. | બ્રહ્મલીન પૂજ્ય મણીબાના ચરણે એક સ્વજન | અમદાવાદ | ૨૫૧/- |
| ૨૨. | નીરવભાઈ અજીતભાઈ નશીત જન્મદિન નિમિત્તે | જામનગર | ૨૫૦/- |
| ૨૩. | ચિ. હેત્વીના જન્મદિન તા. ૧-૮ નિમિત્તે હસ્તે હનિષ કે. ગાંધી | અમદાવાદ | ૧૫૧/- |
| ૨૪. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

'જે જ્યેષ્ઠને તથા શ્રેષ્ઠને જાણે છે તે જરૂર જ્યેષ્ઠ તથા શ્રેષ્ઠ થાય છે. **વાણી વગેરે કરણોમાં (ઇંદ્રિયોમાં) પ્રાણ જ જ્યેષ્ઠ તથા શ્રેષ્ઠ છે.'**

એક વખત વાણી વગેરે ઇંદ્રિયો 'હું બધાંમાં શ્રેષ્ઠ છું' એવી રીતે પોતાના શ્રેષ્ઠપણા વિશે વિવાદ કરવા લાગ્યાં. ખૂબ વિવાદ કર્યો છતાંય કોઈ નમતું આપે નહિ. દરેક જણ કહે કે હું જ બધાંમાં શ્રેષ્ઠ. એટલે બધાંએ મળી વિચાર કર્યો કે આપણે આપણા પિતા પ્રજાપતિ પાસે જઈએ, તેઓ આપણા બધાંમાંથી શ્રેષ્ઠ કોણ છે તેનો યોગ્ય નિકાલ કરશે. એમ નક્કી કરી તેઓ બધાં પ્રજાપતિ પાસે ગયાં અને હાથ જોડી કહેવા લાગ્યાં : 'ભગવન્ ! અમારા બધાંમાં શ્રેષ્ઠ કોણ છે ?' પ્રજાપતિએ કહ્યું : 'તમારામાંથી જેનું ઉત્ક્રમણ (શરીરમાંથી બહાર નીકળવું) થવાથી શરીરનું પાવિત્ર્ય નષ્ટ થાય અને એ શબ થઈ જાય તે જ તમારામાં શ્રેષ્ઠ છે.'

પ્રજાપતિનાં વચન સાંભળી વાણીએ પ્રથમ ઉત્ક્રમણ કર્યું. વરસ બહાર ફર્યા કર્યું. પણ શરીર તો એમનું એમ જ રહ્યું. એ જોઈને પુનઃ પાછા આવીને તેણે પૂછ્યું : 'મારા વગર તમે બધાં કેવી રીતે જીવી શક્યાં ?' બીજી ઇંદ્રિયોયે જવાબ આપ્યો : 'જેવી રીતે મૂંગા પ્રાણીઓ વાણીથી બોલી શકતાં નથી, છતાં પણ પ્રાણ વડે શ્વાસોશ્વાસ કરતાં, નેત્ર વડે જોતાં, કાન વડે સાંભળતાં ને મન વડે ચિંતન કરતાં જીવે છે. તેમ અમે પણ તારા વગર જીવ્યાં.' વાણીએ પોતાની શ્રેષ્ઠતાનું અભિમાન ત્યજી દીધું અને પુનઃ શરીરમાં પ્રવેશ કરી નિયમિત રીતે પોતાનો વ્યવહાર કરવાનું શરૂ કર્યું.

ત્યાર પછી ચક્ષુરિંદ્રિયે ઉત્ક્રમણ કર્યું. તે પણ વરસ દહાડો બહાર ફરી આવી અને શરીરને પૂર્વવત્ નિયમિત વ્યવહાર કરતું જોઈ અન્ય ઇંદ્રિયોને તેણે પૂછ્યું : 'કેવું આશ્ચર્ય ! મારા વિના તમે કેવી રીતે જીવવાને સમર્થ થયાં ? મેં તો ધાર્યું હતું કે તમે બધાં મરી ગયાં હશો કે છેવટે મરણપથારીએ તો હશો જ !' અન્ય ઇંદ્રિયોએ જવાબ આપ્યો : 'જેમ આંધળાઓ આંખે નહિ જોવા છતાં, પ્રાણ વડે શ્વાસોશ્વાસ કરતાં, વાણી વડે બોલતાં, કાન વડે સાંભળતાં ને મન વડે ચિંતન કરતાં જીવે છે, તેમ અમે પણ તારા વગર જીવ્યાં.' આ સાંભળી ચક્ષુરિંદ્રિયે પણ પુનઃ પ્રવેશ કર્યો.

ત્યાર પછી શ્રવણેંદ્રિયનો વારો આવ્યો, એ પણ એક વરસ બહારની હવા ખાઈ આવી અને પાછા આવી અન્ય ઇંદ્રિયોને પૂર્વવત્ પોતાના વ્યાપાર કરતી જોઈ તેણે પૂછ્યું : 'મારા વિના તમે કેવી રીતે જીવી શક્યાં ?' અન્ય ઇંદ્રિયોએ કહ્યું : 'કેમ ? જેમ બહેરાઓ ન સાંભળવા છતાં, પ્રાણ વડે શ્વાસોશ્વાસ કરતાં, વાણી વડે બોલતાં, નેત્ર વડે જોતાં અને મન વડે ચિંતન કરતાં જીવે છે, તેમ અમે પણ જીવ્યાં.' શ્રોત્રનો પણ ગર્વ ઊતરી ગયો. તેણે પણ પુનઃ પ્રવેશ કર્યો.

પછીથી મને ઉત્ક્રમણ કર્યું. એને ઘણો ગર્વ હતો કે બધાં કરણોનો રાજા તો હું જ. મારા વગર, રાજા વિના રૈયતના જેવી, એમની દુઃખી સ્થિતિ થશે. એને ક્યાં ભાન હતું કે

રાજા વગર રૈયત સુખચેનથી જીવી શકે છે ! વરસ સુધી બહાર ફરી આવીને જ્યારે એણે જોયું કે બીજી ઇંદ્રિયો તો એના વગર પણ લીલાલહેર કરી રહી છે ત્યારે એનો નશો સાવ ઊતરી ગયો. એણે વિસ્મયથી અન્ય ઇંદ્રિયોને પૂછ્યું : 'મારા વગર તો તમારા ટાંટિયા સાવ ભાંગી જશે, એમ મને લાગેલ, છતાં તમે મારા વગર શી રીતે જીવી શક્યાં ?'

ઇંદ્રિયોએ કહ્યું : 'જેમ બાળકો મન વિનાનાં હોવા છતાં, પ્રાણ વડે શ્વાસોશ્વાસ કરતાં, વાણી વડે બોલતાં, નેત્ર વડે જોતાં ને શ્રોત્ર વડે સાંભળતાં જીવે છે, તેવી રીતે અમે પણ તારા વગર જીવ્યાં.' મને પણ ચૂપચાપ પાછો પ્રવેશ કર્યો.

પછીથી પ્રસિદ્ધ પ્રાણે ઉત્ક્રમણ કરવાની ઇચ્છાથી, જેવી રીતે નાસી છૂટવાને ઇચ્છતો કોઈ બળવાન ઘોડો કૂદકો મારી પગ બાંધવાના ખીલાઓને હચમચાવી ઉખેડી નાખે, તેવી રીતે અનેક ઇંદ્રિયોને સારી પેઠે હચમચાવી નાખી. 'હજી તો આણે ઉત્ક્રમણ કર્યું નથી, એટલામાં જ જો આપણી આવી સ્થિતિ થઈ ગઈ તો જો એ ખરેખર જ ઉત્ક્રમણ કરે તો આપણી શી વલે થાય ?' એમ વિચારી સર્વે ઇંદ્રિયો એકત્ર થઈ પ્રસિદ્ધ પ્રાણને કહેવા લાગી : 'ભગવન્ ! સ્વસ્થાને પ્રાપ્ત થાઓ. આપ જ અમારામાં શ્રેષ્ઠ છો, ઉત્ક્રમણ ન કરો. અમારી બધી શક્તિ તમારે લીધે જ છે. તમારા વગર તો અમે નહિ જ જીવી શકીએ.'

જેવી રીતે ઊંચે ગમન કરતા મધુકરરાજાની પાછળ સર્વે મધુમક્ષિકાઓ ગમન કરે છે અને તેના સ્થિત થવાથી સ્થિત થાય છે, તેવી રીતે વાણી, મન, ચક્ષુ, શ્રોત્ર વગેરે સર્વ ઇંદ્રિયો મુખ્ય પ્રાણ સ્થિત થયે સ્થિત થઈ. તેમને પોતાની અશક્તિનું ભાન થયું, અને તેઓ પ્રસન્ન અમને મુખ્ય પ્રાણની સ્તુતિ કરવા લાગી.

'આ પ્રાણ અગ્નિ થઈ તપે છે, સૂર્ય થઈ પ્રકાશે છે, આ જ પ્રાણ મેઘ થઈ જળની વૃષ્ટિ કરે છે, અને ઇંદ્ર થઈ પ્રજાનું પાલન કરે છે અને અસુર તથા રાક્ષસોનો નાશ કરે છે. આ પ્રાણ જ વાયુ થઈ મેઘાદિને આકાશમાં આમથી તેમ ચલાવે છે, પૃથ્વી થઈ સર્વ સ્થાવર જંગમ પદાર્થને ધારણ કરે છે અને ચંદ્રમા થઈને ઔષધિઓનું પોષણ કરે છે. અરે ! સ્થૂળ સૂક્ષ્મરૂપ સર્વ જગત્ અને દેવોનું જીવન જે અમૃત તે સર્વ આ પ્રાણ જ છે.'

'રથની નાભિમાં આરાની પેઠે સર્વ પ્રાણમાં સ્થિત છે. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મંત્રો અને એ મંત્રોથી સાધ્ય યજ્ઞો, સર્વ પ્રજાનું પાલન કરનાર ક્ષત્રિયો અને જ્ઞાનનો પ્રચાર કરનારા બ્રાહ્મણો-સર્વ પ્રાણમાં સ્થિત છે.'

'વળી હે પ્રાણ ! તું જ પ્રજાપતિ છે, માતાના ગર્ભમાં પુત્રાદિરૂપે તું જ વિચરે છે, બાળકના રૂપમાં તું જ જન્મે છે. હે પ્રાણ ! આ મનુષ્યાદિક પ્રજા તો તારે માટે બલિદાન આપે છે. ચક્ષુરાદિરૂપ અન્ય પ્રાણોની સાથે સર્વ શરીરોમાં તું જ સ્થિત છે.'

'હે પ્રાણ ! તું ઇંદ્ર છે. પોતાના તેજથી જગતનો સંહાર કરનાર રુદ્ર તું છે. જગતનું પરિપાલન કરનાર વિષ્ણુ પણ તું જ છે. તું આકાશમાં નિરંતર વિચરે છે, અને અંતરિક્ષમાં ચળકતી સર્વ જ્યોતિઓનો પતિ, સૂર્ય પણ તું જ છે.'

'હે પ્રાણ ! ચોમાસામાં જ્યારે તું મેઘ થઈને

વરસે છે, ત્યારે આ પ્રજા, હવે જોઈએ તેટલું અન્ન ઉત્પન્ન થશે એ વિચારથી તારાં દર્શનમાત્રથી આનંદ પામે છે.'

'હે પ્રાણ ! તું વ્રાત્ય (સ્વભાવથી શુદ્ધ) છે. તું એક ઋષિ છે. તું જ સર્વ હવિષનો ભોક્તા છે. તું જ વિશ્વનો શ્રેષ્ઠ પતિ છે. અમે તારે માટે ભક્ષણ કરવા યોગ્ય બલિદાનના દાતા છીએ. હે પ્રાણ ! વાયુનો તું પિતા છે.'

'હે પ્રાણ ! તારી જે વિભૂતિ વાણીમાં સ્થિત છે, જે શ્રોત્રમાં સ્થિત છે, જે ચક્ષુમાં સ્થિત છે, તથા મનમાં સમ્યક્ પ્રકારે જે વ્યાપેલી છે, તેને શાંત કર. ઉત્ક્રમણ મા કર.'

'હે પ્રાણ ! માતા જેવી રીતે પોતાના પુત્રોનું રક્ષણ કરે તેવી રીતે, અમે જે તારા પુત્રો છીએ, તેમનું રક્ષણ કર. અમને લક્ષ્મી અને બુદ્ધિ આપ.'

આ પ્રાણોપાસનાનો ઉપદેશ સત્યકામ જાબાલે વ્યાઘ્રપદના પુત્ર ગોશ્રુતિને કર્યો અને કહ્યું : 'અરે ! જો કોઈ પ્રાણવેત્તા ઝાડના સૂકા ઠૂંઠાને આ પ્રાણોપાસના કહે તો એમાં જરૂર ડાળીઓ ફૂટે અને પાંદડાં આવે, તો જીવતા માણસને કહે તો શું ન થાય !'

'ઉપનિષદોની વાતો', ૮મી.આ., પૃ. ૨૫ ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના સ્વજનશ્રી રામભાઈ પી. પટેલ રહે. પલાણા હાલ અમેરિકાના ભાણેજ શ્રી ઉપેન્દ્રભાઈ પુનમભાઈ પટેલનો દેહાંત તા. ૨૩-૭-૨૦૧૫ના રોજ થયેલ છે.

શ્રી હરિ ગતાત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના છે. -સં.

## પ્રભુનો પ્રતિનિધિ (અનુસંધાન પૃ. ૧૪નું ચાલુ )

બનશે. માએ દાન-દક્ષિણા આપી જોશીને પ્રણામ કર્યા પણ મનમાં ચિંતાનો દોર શરૂ થઈ ગયો.

જોશીએ કહ્યા પ્રમાણે નવમા વર્ષે બાલકૃષ્ણને આખા શરીરે બળિયાના દાણા ઊપસી આવ્યા. રોમેરોમ કાળી બળતરા થવા લાગી. આંખો પણ ઊંચી થઈ ન શકે. શીળીના દાણામાંથી પાચ અને પરુ વહેવા લાગ્યાં. લલિતાદેવી બળિયા બાપજી પાસે ખોળો પાથરી જીવનદાન માટે આજીજી કરતાં હતા. બાલકૃષ્ણે મોઢેથી બોલી શકે તેમ નહોતું પણ મનમાં ને મનમાં 'સિયારામની ધૂન' ચાલતી હતી. એ એના ફફડી રહેલા હોઠ ઉપર જણાતું હતું. આ ધૂન અસહ્ય વેદનામાં રાહતરૂપ હતી.

દરમિયાન એક અનુભવી ડોશીમા આવ્યાં અને સ્થિતિ જોઈને બોલ્યાં કે બાલુ આપણને હાથતાળી આપવાની તૈયારી કરી રહ્યો છે. ઘીનો દીવો પેટાવો. જમીન ઉપર ગાયનું છાણ લીંપી ચોકો કરો. તુલસીપાન લાવો. આમ અંતિમ ક્રિયાની તૈયારી થવા લાગી. છતાં લલિતાદેવીએ પ્રભુ પરની આસ્થા છોડી નહોતી.

મા-દીકરાની પ્રાર્થના પ્રભુએ સાંભળી હોય એમ વળતાં પાણી થવા લાગ્યાં. ધીમે ધીમે બાલુ સાજો-નરવો થઈ ગયો પણ બળિયાના તીણા નહોરની નિશાની આખા શરીરે રહી ગઈ.

(ક્રમશઃ)

'પ્રભુનો પ્રતિનિધિ', બી. આ.માંથી સાભાર ❑

## (૯) હું સ્ત્રીને સ્ત્રીનો ધર્મ અને પુરુષને પુરુષનો ધર્મ બતાવું છું

શ્રીમોટા

લગ્નજીવનમાં પુરુષો, સ્ત્રીઓ ઉપર માલિકી હક્ક ભોગવવાનો સ્વભાવ રાખતા હોય છે. પોતે માનતા હોય છે એ જ પ્રમાણે પત્નીએ વર્તવું જોઈએ. પોતાનું ધાર્યું જ બધું થવું જોઈએ. પત્નીએ પતિની ઇચ્છાઓને આધીન થવું જોઈએ એવી માન્યતા પુરુષોમાં દઢ થયેલી છે.

વળી, સ્ત્રીઓમાં અક્કલ, બુદ્ધિ, લાગણી કે ભાવના હોતી જ નથી, અને એ તો માત્ર પુરુષને અનુકૂળ રહેવાને જ સર્જાયેલી છે, એવી ભાવના આપણા સમાજના પુરુષવર્ગમાં પ્રચલિત છે. સ્ત્રીઓમાં કશી આવડત ન હોય, સમજણ ન હોય, એવા અભિપ્રાયો પણ પરંપરાથી સાંભળેલા છે. આથી, આવી માન્યતાઓ દઢ થયેલી છે.

**હું જેમ સ્ત્રીને સ્ત્રીનો ધર્મ બતાવું છું તેમ પુરુષને પુરુષનો ધર્મ દર્શાવું છું.** પુરુષ, પત્ની ઉપર ગુસ્સે થઈ શકે અને પત્ની જો ભૂલેચૂકે પણ ગુસ્સે થઈ તો તે પતિથી સહી ન શકાય. બધી જ બાબતોમાં પત્નીએ પતિને પૂછીને જ ચાલવું પડે, પૂછ્યા વિના એક પણ ડગલું આગળ ના ચલાય એવી આપણા સમાજની મનોદશા છે. આવા સમાજની સ્ત્રીઓ કેવાં બાળકોને જન્મ આપે ? જ્યાં સ્ત્રીઓની માનસિક સ્થિતિ માત્ર એક ગુલામ જેવી હોય ત્યાં બીજી આશા શી રીતે રાખી શકાય ?

જો હૃદયનો પ્રેમભાવ વહ્યા કરતો હોય તો ગુલામી પણ ના સાલે. એના જીવનને સમજવાનો જો જીવતોજાગતો પ્રયત્ન રહ્યા કરતો હોય તોય ઘણું છે. એને પણ આત્માની વેલ છે. એને ફાલવા ફૂલવાની મહત્ત્વાકાંક્ષા અંતરમાં હોય છે, એ આપણે સમજવાની ખાસ જરૂર છે.

અથડામણના પ્રસંગોમાં જે જીવતોજાગતો રહ્યા કરશે, એ જીવનનો આનંદ મેળવી શકવાનો છે. પ્રસંગો કંઈ એમ ને એમ આવતા નથી, એ આવવાનું કારણ આપણી પોતાની જ માનસિક ભૂમિકા છે. **આપણા જીવનમાં જે જે કંઈ બને છે, તે બધાના દોષને પાત્ર આપણે પોતે જ છીએ, બીજું કોઈ નથી.** પત્નીના જીવનમાં જે કંઈ બને છે, તેના દોષને પાત્ર પણ તે પોતે જ છે, કારણ કે કર્મ-સંજોગાનુસાર જે તે કંઈ બનતું હોય છે. એટલે વર્તમાનમાં જો જીવનની શુદ્ધિની દૃષ્ટિથી વર્તીશું તો ભૂતકાળ નડવાનો નથી.

મારાં સ્વજન એ તો મારું જિગર છે અને તેમનાં ભાવ-ચેતના-પ્રાણ વડે તો મારે જીવવું છે, તેમ જ તેમનામાં કામ કરવું છે, તમને બધાંને ભગવાનની કૃપાથી જિવાડવાને કૃપા કરીને તમારી સાથેનો સંબંધ રાખ્યો છે.

જીવન એક સીધી બારીનો માર્ગ નથી. જીવનમાં અનેક આંટીઘૂંટી, અનેક મુશ્કેલીઓ અને ગૂંચો ઊભી થવાની છે. મરદ માણસ તેથી ગભરાતો નથી. એનો સામનો કરે. એવા એ સામનામાંથી જીવનમાં ચેતનાશક્તિ પ્રગટ્યા કરે છે.

સંસારવહેવારમાં જે બધાં મળેલાં છે, તે બધાં કર્મ-પ્રારબ્ધ ભોગવવા માટે મળેલાં છે. એટલે તેમની સાથેનું આપણું વર્તન જો સાંસારિક રીતનું રહે તો નવું કર્મપ્રારબ્ધ ઊભું થાય.

**સ્વજનો સાથેનું મારું વર્તન તેમની એકમાત્ર કલ્યાણપ્રવૃત્તિ અર્થે જ છે. પરંતુ એની પ્રતીતિ સર્વ કોઈને એકદમ થતી નથી.**

'દાંપત્યભાવના', છઠ્ઠી આ., પૃ. ૭૪ ❑

# (૧૦) સગર્ભાવસ્થા અંગે

શ્રીમોટા

સગર્ભા સ્ત્રીઓએ ખોરાકમાં શું શું ખાવું એ હું જે તમને જણાવું છું, એ મનસ્વીપણે નથી જણાવતો, પણ એની પાછળ મારો અભ્યાસ છે.

રોજ બંને વખત જમતી વેળાએ ચટણી બનાવીને લેવી. તલ, કોપરું, કોથમીર (વધારે લેવી), મીઠા લીમડાનાં પાન, સરગવાનાં થોડાંક પાન, લીલું મરચું, થોડું મીઠું, ઠીક લાગે તો જરાક ગોળ. લીલી હળદર ખાવાની સાથે રોજ લેતા રહેવું. એકાદ બે લીલાં આંબળાં ખાવાં, અવારનવાર પપૈયું-ગાજર છીણીને વઘારીને કાચું-કોરું રાખીને જમતી વેળા લેવું.

શાકમાં કોબીજ, કોળું, ભીંડા, સૂરણ, દૂધી, કારેલાં-કંકોડાં, પરવળ આદિ લેવાં. શાકનું પ્રમાણ જેટલું ખાઈ શકાય તેટલું રાખવું. સરગવાની શીંગોનું શાક અવારનવાર ખાવું.

દૂધ, દિવસમાં ત્રણેક વખત લેવું. ચા લેતાં હોય તોપણ એમાં દૂધનું વધારે પ્રમાણ રાખવું. જેમ બને તેમ દૂધ વધારે લેવું. સવારના દૂધમાં ઘી, ઝીણી-ખૂબ લસોટેલી બદામ અને મધ નાખવાં.

નકરી તળેલી વાનગી બિલકુલ ન ખાવી. ઓસામણ સાથે લચકો દાળ ખાવી જ જોઈએ. લોટનું ચળામણ ભૂસું નાખી ન દેતાં એનો ઉપયોગ ભાખરીમાં કરવો. ભાખરીના લોટમાં સારું ઘીનું મોવણ નાખવું અને ધીમા તાપે શેકીને ભાખરી બનાવવી. બળી ન જાય કે ચપકા ન પડે તે જોવું. ચોપડાં તો ન જ ખાવાં.

અવારનવાર મેથીનાં ઢેબરાં અથવા મૂઠિયાં પણ બનાવાય, પણ તેને વરાળથી ચડવીને વઘારીને ખાવાં. ફણગાવેલાં મગ-કઠોળ અવારનવાર લેવાં. દાળશાકમાં કોથમીરનો ખૂબ ઉપયોગ કરવો. ફળમાં મોસંબી, પપૈયું, નારંગી, અનાનસ એમાંનું એકાદું રોજ લેવાય તો સારું.

પાન ખાવાની ટેવ ન હોય તોપણ રોજ બેત્રણ વાર પાન ખાવાની ટેવ પાડવી. પાનમાં લગાડાતો ચૂનો તથા નાગરવેલનાં પાન ગર્ભને તથા સગર્ભા શરીરને જરૂરનાં છે.

રોજ અઢી માઈલ જેટલું ચાલી શકાય તેમ હોય તેણે ચાલવું જ. અને ઓછું ચાલી શકાય એમ હોય તેણે ઘરમાં કામકાજ કર્યા કરવું, પણ થાક લાગી જાય એટલું અને એવી રીતનું કામ ન કરવું.

ગર્ભાવસ્થા દરમિયાન શરીર અને કપડાંની સ્વચ્છતા ખાસ કાળજીથી રાખવી. ચુસ્ત કપડાં કદી પણ ન પહેરવાં. શરીર હળવું હળવું લાગે તેવાં બને તેટલાં ઓછાં વસ્ત્રો પહેરવાં.

છ માસ થઈ જાય પછી બહુ વળવું નહિ. બહુ ઊઠબેસ ન કરવી. બહુ વજન ના ઊંચકવું, પણ હરવું ફરવું તો ખરું જ.

દિવસમાં ત્રણચાર વાર ગરમ પાણી - નવશેકું પાણી લઈ, મીઠું નાખી કોગળા કરવા. ત્રણચાર વાર આંખોએ ઠંડું પાણી ધીમે ધીમે છાંટવું. એક લોટો ભરીને પાણી વાપરવું. જાજરૂ-પેશાબ કરી આવ્યા કેડે હાથપગ ઇત્યાદિ ખૂબ સ્વચ્છ કરવા અને કોગળા પણ કરવા. રોજ નિયમિત દસ્ત થાય છે કે નહિ તેની ખૂબ કાળજી લેવી. દસ્ત સાફ ન થતો હોય તો કદી કશા જુલાબની દવા ન લેવી. રાત્રે ઘેંશ લેવાની રાખવાથી સવારે પેટ સાફ આવી જશે.

છ માસ બાદ જે ડૉક્ટર પાસે આપણું શરીર તપાસાવતા હોઈએ તેમની સંમતિ વિના

મુસાફરી ના કરવી. બૉડિસ-બ્રેસીઅરનો ઉપયોગ છોડી દેવો. સ્તનની ડીંટીઓની યોગ્ય સારવાર પહેલાં નહિ થઈ હોય તો સંભવ છે કે બાળક તેને ધાવી નહિ શકે. બાળકના પોષણ માટે માતાનું દૂધ અનિવાર્ય છે. મને આ બાબતની અંગત માહિતી છે. મારા એક ખાસ મિત્રની પત્નીને બાળક જન્મ્યા કેડે ધાવી જ શકતું ન હતું, કેમ કે એની માતાનાં સ્તનની ડીંટીઓ જેટલી પોચી થવી જોઈએ એટલી પોચી થઈ ન હતી. આપણી બહેનો સગર્ભાવસ્થામાં બહુ સખ્તાઈથી બૉડિસ-બ્રેસીઅર પહેરી રાખે છે, એ એમનું અજ્ઞાન છે. તેથી, સ્તનની ડીંટીઓ ચપટી બની જાય છે. પરિણામે બાળક માટે ધાવણ આવવામાં મુશ્કેલી નડે છે. સ્તનની ડીંટીઓને વૅસેલિન લગાડીને પ્રસવના છેલ્લા મહિનાઓમાં ખેંચીને બહાર કાઢવી જોઈએ. આ ઘણું જરૂરનું છે. પ્રસવ થતાં પહેલાં ડીંટીનું પોચું હોવું યોગ્ય બની શક્યું હોય તો બાળક સહેલાઈથી ધાવી શકશે. આમ કરવાનો સંકોચ હોય તો તેવી મૂર્ખતાને દૂર કરવી જોઈએ.

હવે, મનની વાત-મન સ્થિર, ઠંડું અને ભાવનાવાળું અને શાંતિવાળું રોજ રહ્યા કરે એમ સભાન રીતે વર્તવું જરૂરી છે. મનને ઉદાર અને વિશાળ રાખવું. બધી જ સંકુચિતતાઓ સમજી સમજીને અળગી કરવી. બધાં ઉપર ખૂબ ખૂબ પ્રેમ કરવો. જેનું મોં પણ જોવું ના ગમતું હોય તેવાંને તો ખાસ પ્રસંગ મળતાં તેનો પ્રેમભાવ મળે એવું વર્તન કરવું. કંઈ સારું કરવાનો કોઈ પણ મોકો મળે તો તે જવા ન દેવો. ઝાઝી કચકચ કે માથાકૂટ થાય એમ ન વર્તવું. વાતાવરણમાં સરળતા અને રાજીપણું રહે એમ કરવું. ખૂબ ખૂબ રાજી રહેવું અને વાંધો ન હોય તો ભજનો પણ ગાવાં અને નામસ્મરણ કર્યા કરવું. મન ઉપર સારા ઉત્તમ સંસ્કારો પડે એવું વાંચવાનું રાખવું. પરોપકારનું કાર્ય કરવું. જો સંપત્તિ હોય અને એમ કરવાની સ્વતંત્રાતા હોય તો જરૂર પરોપકારની ભાવના કેળવવી. રાત્રે મોડે સુધી કદી પણ જાગવું નહિ. વહેલા સૂઈ જઈ સવારે વહેલા ઊઠવું.

ઉકળાટ, ઉદ્વેગ કે ક્રોધ કંઈ પણ કશા કારણથી ન થાય તેની કાળજી રાખવી. સગર્ભા સ્ત્રી, સિનેમા ન જુએ એ ઉત્તમ છે. કોઈ ઉત્તમ ભક્તિભાવનાવાળી ફિલમ હોય તો કોઈક જોવી, પણ ફિલમ ન જોવાય એ બાળકના જીવન માટે ઘણું જરૂરી છે. પતિએ સગર્ભા પત્ની પાસે બેસીને મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચી સંભળાવવા જોઈએ.

પતિપત્નીનો વહેવાર અલગ અલગપણાનો રાખવો જરૂરી છે. પ્રસંગ પડે એકબીજાની સેવા જરૂર થાય. પતિએ પત્નીમાં આ ગાળામાં જેટલો સદ્ભાવ અને પ્રેમ રાખી શકાય તેટલો રાખવો. એટલા પ્રમાણમાં થનારા બાળકના જીવનમાં તે ગુણની ચોક્કસ અસર પડે છે.

જ્યારે જ્યારે માટી કે મરચાં ખાવાનું મન થાય - રુચિ થાય ત્યારે માટીને બદલે જરાક જેટલું મીઠું ખાય અને મરચાંવાળા પદાર્થને બદલે નહિ જેવાં ધોળાં મરીનો ભૂકો જીભ ઉપર મૂકે, પણ માટી-મરચાં તો ન જ ખવાય.

હું એક વાત ફરી ફરીને કહું છું કે સગર્ભાવસ્થામાં સ્ત્રીનું મન નિર્દોષ ભાવથી ભરપૂર રહે એવું વાંચન કરાવવું. મનમાં રાગદ્વેષ, કામ, ક્રોધ, લાલચ કે મોજશોખ એવા સંસારની ઘટનાઓના વિચારો આવે તે વેળાએ

એની સાથે ભળી ન જતાં ભગવાનનું નામ લેવું. સંસારની કોઈ પણ બાબતની વાસના આ ગાળામાં ન સેવાય એની તકેદારી રાખવી. આ બધું ભવિષ્યના બાળક માટે ઉત્તમ ખોરાક છે.

પગનાં તળિયાં ભીનામાં ન રાખવાની તકેદારી રાખવી જોઈએ. શરદી ન થાય એ માટે કાળજી રાખવી જોઈએ. શરીરે પરસેવો થાય તો પરસેવો શમી ગયા બાદ શરીર લૂછી નાખીને બીજાં કપડાં પહેરી લેવાં. નાહતી વખતે સાબુ ના વાપરવો પણ ચણાનો લોટ વાપરી શકાય. પગનાં તળિયે કે આંખે બળતરા થાય એવું લાગે તો દિવેલ ઘસવાનું કે આંજવાનું રાખવું. આ ગાળામાં કાન કે દાંતમાં કોઈ પણ પ્રકારની દુર્ગંધ ન રહે તેટલું ખાસ ધ્યાન રાખવું, નહિ તો બાળકના શરીરમાં તે જરૂર ઊતરશે. આ અનુભવેલી વાત છે.

સાત-સાડાસાત માસ પછીથી દેવતાની ગરમી - દા.ત. રસોઈ કરવા માટેના દેવતા પાસે રહેવું એ નુકસાનકર્તા છે. અત્યંત ગરમી અને અત્યંત ઠંડીથી દૂર રહેવું. ગરીબ વર્ગ આ નિયમ ન પાળી શકે પણ જેનાથી પળાય તેણે પાળવો. બને તેટલું લીલોતરી સામે જોવાનું રાખવું.

આપણું ભાવિ બાળક કોઈ પણ મહાપુરુષ જેવું થાય એવી જો આપણા હૃદયની ખરેખરી ઈચ્છા હોય તો તે મહાપુરુષનું જીવનચરિત્ર વારંવાર વાંચવું. તેમના ગુણનું વારંવાર ચિંતવન કરવું. તેની છબીને આપણી પાસે રાખવી અને એ મહાપુરુષના જીવનમાં બનેલા મહાન પ્રસંગોને વારંવાર મનમાં તારવ્યા કરવા. આપણી જ્યાં સુધી નજર પડતી હોય અને વધુ પ્રમાણમાં આપણને જ્યાં કામ રહેતું હોય ત્યાં એ મહાપુરુષના નાના નાના ફોટાઓ મૂકવા અને એના ઉપર પ્રેમભક્તિપૂર્વક નજર નાખ્યા કરવી. આ પ્રયોગને જો હૃદયપૂર્વક સાચી માન્યતાથી કરવામાં આવશે તો ભવિષ્યમાં થનારા બાળક ઉપર ઘણી ભારે અસર પડશે.

**વળી, દરેકના સદ્ગુણ વિશે જ વિચારવું.** કોઈના વિશે પણ કશું ખરાબ ન જોવું, ન વિચારવું, ન સાંભળવું કે ન મનમાં આવવા દેવું. ચાર બહેનો ભેગી મળે તો માંહોમાંહે અલકમલકની વાતો જ કરતી હોય છે, એમાં ભાગ ન લેવો. તેવી વાતોથી અળગા રહેવું. સંસાર સંબંધી કશી વાતો કોઈને પૂછવી નહિ અને કોઈ પૂછે તો તેનો ઉપર ઉપરથી ઉત્તર આપવો. તેમાં વધારે રસ ન લેવાઈ જાય તેની કાળજી રાખવી.

બેજીવવાળી સ્ત્રીનો એવો ગાળો તે તેના જીવન માટે નવું જીવન સાંપડ્યું હોય તેના જેવો છે. તે તેના જીવનના કોઈ જુદા જ તબક્કામાં પ્રવેશ પામતી હોય છે. દુનિયાદારીમાં રહેવાનું હોવા છતાં દુનિયાદારીની રીતે તેણે વર્તવાનું અને વિચારવાનું જો છોડવાનું બને તો ભાવિ બાળકના જીવનમાં ઘણો મોટો કીમતી ફાળો તે આપી શકે. સર્વ કોઈ જીવ પરત્વે સદ્ભાવથી, પ્રેમભક્તિથી અને એકમાત્ર આનંદની ભાવનાથી જ વર્તવાનું બને તેટલી કાળજી રખાય તો તે જીવને માટે અને તેવી બેજીવવાળી સ્ત્રીને માટે પણ તે ઉત્તમ શિક્ષણરૂપ છે. કોઈ પણ કશા કારણથી ઉશ્કેરાઈ જવું નહિ. એવો ઉશ્કેરાટ જ્ઞાનતંતુમાં એક પ્રકારની ગરમી પેદા કરે છે અને ગર્ભાશયની આજુબાજુના જ્ઞાનતંતુઓને તેવી ગરમીની અસર જલદી પહોંચી જતી હોય છે. અને તે અસર ગર્ભના જીવને પણ થાય છે. ઉશ્કેરાટ તો કશાથી પણ થવા ના દેવો ઘટે.

'દાંપત્ય ભાવના', છઠ્ઠી આ., પૃ. ૧૩૦ ❑

# (૧૧) ઊંડા અંધારેથી...

ઈલાબહેન દેસાઈ

સન ૧૯૫૮મી સાલમાં ઔરંગાબાદ નજીક અમારો એટલે કે નવસારી ગાર્ડા કૉલેજના વિદ્યાર્થીઓનો એન.સી.સી. કૅમ્પ હતો. એ કૅમ્પમાં એક લેક્ચરર બહેન હતાં. તેઓ શીરડી સાંઈબાબાને ગુરુ માનતાં હતાં. તેથી તેઓ ઔરંગાબાદથી શિરડી ગયાં. ત્યારે સાથે મને કંપની માટે લઈ ગયાં. મને સાંઈબાબા વિશે કંઈ જ ખ્યાલ ન હતો. તેમણે પોતાના સ્વાનુભવના પ્રસંગો કહીને મારામાં કંઈક શ્રદ્ધા ઊભી થાય તેવા પ્રયાસો કર્યા. પણ અઢાર વર્ષની અલ્લડ જવાનીમાં એ બધું કંઈ મનમાં દાખલ થયું નહિ. માત્ર કુતૂહલના ભાવ સાથે સમાધિનાં દર્શન કર્યા, પણ બે વર્ષ બાદ બી.એ.ની પરીક્ષા આપતાં દિલ ધડકવા લાગ્યું ત્યારે કોઈકના સહારાની જરૂર જણાઈ. ત્યારે મને એ લેક્ચરર બહેનના શબ્દો યાદ આવ્યા, **'બાબા મુશ્કેલીમાં મદદ કરે છે.'** મેં પણ મનોમન બાબાને યાદ કરીને પરીક્ષા આપવા માંડી અને પરિણામ ધાર્યા કરતાં ઘણું ઉજ્જ્વળ આવ્યું. આથી, મને સાંઈબાબા ઉપર શ્રદ્ધા દૃઢ થઈ.

પણ...! મનુષ્ય તરીકે મારામાં જે લોભ, ઈર્ષ્યા, અભિમાન હતાં તે તો જેમનાં તેમ જ રહ્યાં હતાં. વળી, તેમાં અણધારેલાં પરિણામે અભિમાનમાં વૃદ્ધિ કરી. રોમ રોમ અદેખાઈ વ્યાપી ગઈ હતી. જેનો મને જરાયે ખ્યાલ જ ન હતો.

**આ અંધારી ગુફામાંથી ઉઠાવનાર-બહાર લાવનાર મને પૂજ્ય મોટા મળ્યા.**

રાષ્ટ્રવાદી કુટુંબમાં મારો ઉછેર થયો હતો. ગુજરાત વિદ્યાપીઠ જાણે બાપનું ઘર અને હરિજન સેવક સંઘ મોસાળ ! એવું બાલ અવસ્થામાં કુટુંબનાં બધાં બાળકો માનતાં.

આ સંપર્કના કારણે પૂજ્ય મોટાના નામથી પરિચિત ખરી, પણ મોટાથી તદ્દન અજ્ઞાત. સને ૧૯૬૫માં પૂજ્ય ઠક્કરબાપાની સંસ્થા ભીલ સેવા મંડળ, દાહોદમાં તકદીર લઈ આવ્યું. ત્યારે પૂજ્ય શ્રીકાંતભાઈના પરિચયમાં આવી. એકવાર શ્રીકાંતભાઈ સાથે જૂનાં સંસ્મરણો યાદ કરતાં બેઠાં હતાં ત્યારે પૂજ્ય મોટાને તેમની અને ઠક્કરબાપાની હાજરીમાં સાપ કરડેલો તે પ્રસંગ મને કહી સંભળાવ્યો. ઝેરી સાપ કરડવા છતાં મોટા, ભગવાનના નામસ્મરણે જીવતા રહ્યા તે હકીકત કહી. આ સાંભળી હું ખૂબ જ પ્રભાવિત બની.

ભીલ સેવા મંડળ, દાહોદના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ નાયકનાં દીકરીજમાઈ પૂજ્ય મોટાનાં પરમ ભક્ત હતાં. તેમણે મને પૂજ્ય મોટાનાં પુસ્તકો મોકલ્યાં. વાંચતાં વાંચતાં ક્યારેક રોમાંચ અનુભવતી. તો ક્યારેક આંખમાંથી ગંગા-જમના વહી જતાં ! પૂજ્ય મોટા સાંઈબાબાને જાણતા સુધ્ધાં ન હતા. છતાં સાંઈબાબા સમાધિ લીધા બાદ ૨૦ વર્ષ બાદ પ્રત્યક્ષ થઈ પૂજ્ય મોટાને ફળના કરંડિયા આપે, નગ્ન હાલતમાં દોડાવે, પાંચ રૂપિયા આપે વગેરે બાબતો ભૌતિક જગતની સમજની બહાર છે, બુદ્ધિનિષ્ઠ મનુષ્યો માટે અસંભવ છે. આ બધી વાતો વાંચતાં મેં શું અનુભવ્યું ? બસ, ભાવ...આનંદ...અને પુસ્તક છાતી સરસું ચાંપ્યું !!!

અને મેં મારી જાતને ઓળખવાનો પ્રયત્ન શરૂ કર્યો. તો ત્યાં નરી ગંદકી જ ગંદકી ભરેલી જણાઈ. ખૂબ જ હતાશ-નિરાશ બની ગઈ. ઈર્ષ્યા, અદેખાઈ, લોભ, મોહ,

અભિમાન, કુતર્કોથી લથપથ હતી. આમાંથી કેવી રીતે છુટાય ? **મનોમંથન શરૂ થયું.**

એ અરસામાં પૂજ્ય મોટા ભીલ સેવા મંડળ, દાહોદ આશ્રમમાં પધાર્યા. મને સમાચાર મળતાં જ દર્શન માટે દોડી ગઈ. ને ભાવભર્યા દિલથી દર્શન કર્યાં. પૂજ્ય મોટા પલંગ ઉપર ઉત્તર તરફ માથું રાખીને સૂતા હતા. નજીક ગઈ તો પૂજ્ય મોટાના સ્થાને સાંઈબાબા સૂતેલા દેખાયા આંખો ચોળું પણ પરિસ્થિતિમાં ફરક ન પડ્યો. એટલામાં જ પૂજ્ય નંદુભાઈ બોલ્યા, ઈલાબહેન, એક રૂપિયો આ થાળીમાં મૂકો. ને પ્રાર્થના થઈ ગઈ કે, 'બાબા, મને આ કાદવમાંથી બહાર કાઢ.' બસ પછી તો પૂજ્ય મોટા જ મારા સાંઈબાબા. હાલતાં ચાલતાં, પ્રત્યક્ષ એ ભાવ રહ્યા કર્યો ને તેમના જ આશીર્વાદે ગુણ અને ભાવનો વિકાસ થતો રહ્યો અને ક્રમશઃ ઈર્ષ્યા, લોભ, મોહ અને અદેખાઈની ખાઈમાંથી બહાર નીકળવાનો પ્રયાસ શરૂ કર્યો. **જન્મજન્માંતરના પડેલા સંસ્કાર એકદમ નિર્મૂળ થઈ શકે તેમ મને લાગતું નથી. પણ જાગૃત જરૂર રહેવાય છે, તે પણ તેની જ કૃપા.**

પૂજ્ય મોટાએ સમાધિ લીધી તે સમાચાર જાણ્યા ત્યારે તો મારા માથે આભ તૂટ્યા જેવું લાગ્યું. નિરાધાર નિઃસહાય હોઉં તેવું મનોમન લાગવા માંડ્યું. ત્યારે મોટાનાં વાક્યો પ્રેરક બન્યાં, **'આવી પડેલું કાર્ય પ્રભુપ્રીત્યર્થે કરવું, જાણી જોઈને કોઈ વાતમાં પોતાની જાતને સંડોવવી નહિ.'** તે મુજબ અને ફરજ રૂપે મળેલ કાર્ય યથાશક્તિ નભાવતી હતી. કસોટીઓ ખૂબ થઈ પણ તેમાંય અણધારી મદદ મળતી રહી.

૧૯૯૦માં ટ્રેનિંગ કૉલેજના મકાનનું બાંધકામ ચાલતું હતું. દાન જેટલું મળેલું તે બધું જ વપરાઈ ગયું, છતાં લગભગ છન્નું હજારનું દેવું ચૂકવવાનું બાકી રહી ગયું. તે માટે વેપારીઓના ફોન આવે ને ચિંતાનો પાર નહિ. શ્રી ડાહ્યાભાઈના કહેવાથી એક લાખ રૂપિયાની લોન બૅંકમાંથી લીધી ને દેવું ભરપાઈ કર્યું, પણ લોનનું વ્યાજ ક્યાંથી ભરવાનું ? આ ચિંતા રોજ ઉજાગરો કરાવે. પૂજ્ય મોટાનો આદેશ હતો કે 'જાણી જોઈને પોતાની જાત સંડોવવી નહિ.' છતાંયે પછેડી મુજબ સોડ ન તાણી અને મેં મારી જવાબદારી ઉપર વધારાનું બાંધકામ કરાવ્યું. હવે શું થાય ? દરરોજ પૂજ્ય મોટાને તથા સાંઈબાબાને ગુસ્સાથી ઠપકો આપું કે મને આમ કરતાં અટકાવી કેમ નહિ ? અને હવે મદદ કેમ કરતા નથી ?

અને મારા આશ્ચર્ય વચ્ચે અઠવાડિયા બાદ પૂજ્ય નંદુભાઈનો મને પત્ર મળ્યો કે 'તમે ખૂબ મુશ્કેલીમાં છો, તેવું જાણ્યું છે, તો, તમને શું મુશ્કેલી છે ? તમે નડિયાદ આશ્રમે રૂબરૂ મળશો.'

પત્ર વાંચી હાથ જોડી પૂજ્ય મોટાની આંસુભરી આંખે માફી માગી. નડિયાદ આશ્રમે પૂજ્ય નંદુભાઈને મળી. શ્રી ઈન્દુભાઈ મળ્યા. મને એક લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું. હું તો હતપ્રભ બની ગઈ, શું કરવું, શું બોલવું તે વિચારી જ ન શકી, અરે, વિચારશૂન્ય બની ગઈ. ના કોઈ અરજી કરવાની ફૉર્માલીટી, ના મંજૂર કરવાની ફૉર્માલીટી ! દેવામાંથી બચાવનાર પૂજ્ય મોટાએ મને કુતર્કો અને દુર્ગુણોના ઊંડા અંધારામાં અટવાઈ પડેલીને પરમ તેજકિરણ બક્ષ્યાં. **ગુણ અને ભાવનો વિકાસ એ જ તપ, એ જ જપ.** અને 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.' એ જ પ્રાર્થના.

પૂજ્ય શ્રીમોટા જન્મશતાબ્દી મહોત્સવ,
'અર્ઘ્ય', પ્ર.આ., પૃ. ૧૧૧ ❑



... પ્રેમથી જ્યારે આપણે ભરાઈ જઈએ છીએ, ત્યારે આપણાં વચનોમાં, આપણી દૃષ્ટિમાં અને કાર્યોમાં તે ઊભરાય છે, ત્યારે તે કરુણા છે.

કરુણાને પ્રગટ કરવા માટે કોઈ વિશેષ પ્રયત્ન આવશ્યક નથી. ફૂલની સુગંધની જેમ કરુણા એ પ્રેમની સુવાસ છે.

- મા અમૃતાનંદમયી

*'માતૃવાણી', મે. ૨૦૧૫માંથી સાભાર*

**HARIBHAV AUGUST - 2015**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017







... અનાદિ કાળથી જીવ બહારના પદાર્થોમાં સુખ જોવાની, ભોગવવાની ટેવવાળો થઈ ગયો છે. તેથી, અનેક જાતનાં શરીરો ધારણ કર્યા પછી તેને ટકાવી રાખવા અનેક જાતનાં સાધનો ઊભાં કરવાં પડે છે.

સાધનો ઊભાં કરવા માટે અનિચ્છનીય પ્રવૃત્તિઓ કરવી પડે છે, છતાં ઈચ્છે છે તેવું ફળ મળતું નથી અને દુઃખના ફળને સુખરૂપ માની, જીવ કાળ નિર્ગમન કરે છે.

- શ્રીમદ્ રામજીબાપા

**'સત્પુરુષના ફોટાને તમે જડ ના સમજતા'**

- શ્રીમદ્ જેસીંગબાપા

*મોટી ઈસરોલ, તા. મોડાસાના સત્સંગ મેળાવડાની નિમંત્રણ પત્રિકામાંથી સાભાર (તા. ૬-૬-૨૦૧૫)*

---

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com